# આત્મધર્મ

## વર્ષ ૧૭

## સળંગ અંક ૨૦૦

**Version History**

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2004 | First electronic version. |




વર્ષ સત્તરમું: અંક ૮મો | સંપાદક: રામજી માણેકચંદ દોશી | જેઠ: ૨૪૮૬

# સ ર્વ જ્ઞ પ દ

"સર્વજ્ઞપદ વારંવાર શ્રવણ કરવાયોગ્ય,
વાંચવાયોગ્ય, વિચાર કરવાયોગ્ય,
લક્ષ કરવાયોગ્ય અને સ્વાનુભવસિદ્ધ
કરવાયોગ્ય છે."


શ્રીમદ્ રાજચંદ્ર (વર્ષ ૨૯મું)

૨૦૦

## આત્મધર્મ માસિકનો બીજો સૈકો

## ૨૦૦

### આત્મિક શોર્યને ઉછાળનારી પૂ. ગુરુદેવની વાણી



આ અંકની સાથે "આત્મધર્મ" ના અંકોનો બીજો સૈકો પૂર્ણ થાય છે. વીર સં. ૨૪૬૯ના માગશર સુદ બીજે પ્રસિદ્ધ થયેલા પ્રથમ અંકથી શરૂ કરીને આજ સુધીના ૨૦૦ અંકોમાં જે કાંઈપણ પીરસાયું છે તે બધુંય પરમકૃપાળુ પૂ. ગુરુદેવની અમૃતવાણીનો જ નીચોડ છે. જેમ ગુરુદેવની પવિત્ર મુદ્રા ઉપર ચૈતન્યતેજની ચમક છે, તેમ તેઓશ્રીની અપૂર્વવાણીમાં આત્મિક શોર્યનો ઉલ્લાસ છે. તેઓશ્રી વારંવાર કહે છે કે અરે જીવ! આત્મામાં જ રહેલી પરમાત્મશક્તિની પ્રતીત કરીને તારા આત્મિક શોર્યને ઉછાળ! તારો આત્મા નમાલો કે તુચ્છ નથી પણ સિદ્ધપરમાત્મા જેવા પૂર્ણ સામર્થ્યવાળો પ્રભુ છે, માટે તે પૂર્ણતાના લક્ષે તારા આત્મવીર્યને ઉપાડ.

અહો! પોતાની અપૂર્વ વાણીદ્વારા પાત્ર જીવોને પ્રભુતા આપનાર ગુરુદેવનો ઉપકાર અહીં કઈ રીતે વ્યક્ત કરીએ? પૂ. ગુરુદેવની પ્રત્યક્ષ વાણીએ જેમ અનેક સુપાત્ર શ્રોતાઓને સન્માર્ગમાં સ્થાપ્યા છે તેમ આ "આત્મધર્મ" દ્વારા પણ તેઓશ્રીની વાણીએ અનેક સુપાત્ર જીવોને સન્માર્ગમાં આકર્ષ્યા છે. પૂ. ગુરુદેવની વાણીમાં ઝરતા જૈનશાસનના મૂળભૂત કલ્યાણકારી વિષયો ચૂંટી ચૂંટીને આત્મધર્મમાં અપાય છે. આત્માર્થી જીવોને અપૂર્વ કલ્યાણના દાતાર એવા પૂ. ગુરુદેવને અને સ્વરૂપબોધક તેઓશ્રીની વાણીને આવી ભાવનાપૂર્વક નમસ્કાર કરીએ છીએ કે–તેઓશ્રીની કૃપાદૃષ્ટિ નીચે 'આત્મધર્મ' ની વધુ ને વધુ પ્રભાવના થાઓ.

# ૧૭ વર્ષના ૨૦૦ અંકોનું દોહન

**'આત્મધર્મ' માસિકનું આ ૧૭મું વર્ષ ચાલી રહ્યું છે ને આ તેનો ૨૦૦મો અંક છે. અત્યારસુધીના બધા અંકોનું પુનરાવલોકન કરીને તેમાંથી અતિ સંક્ષેપ દોહન આ અંકમાં આપીએ છીએ. નીચે નં. (૧) થી નં. ૨૦૦) સુધીમાં આપેલું લખાણ 'આત્મધર્મ' ના તે તે નંબરના અંકમાંથી લેવામાં આવ્યું છે. તેમાંથી કોઈપણ લખાણ સંબંધી વિશેષ જાણવાની ઈન્તેજારી થાય તો તે નંબરનો અંક વાંચવા ભલામણ છે. અમને વિશ્વાસ છે કે અત્યારસુધીના ૧૭ વર્ષનું આ સંક્ષિપ્ત દોહન જિજ્ઞાસુ વાંચકોને જરૂર ગમશે.**

(૧) હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યગ્દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.

(૨) દરેક જીવનું પ્રથમ કર્તવ્ય આત્માના સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા કરવી તે જ છે. અનંતકાળે દુર્લભ મનુષ્યદેહ તેમાં ઉત્તમ જૈનધર્મ અને સત્સમાગમનો જોગ, આટલું મળ્યા છતાં જો સ્વભાવના જોરે સતની શ્રદ્ધા ન કરી તો ચોરાશીના જન્મમરણમાં ફરી આવો ઉત્તમ મનુષ્યદેહ મળવો દુર્લભ છે.

(૩) કોઈ આત્મા–જ્ઞાની કે અજ્ઞાની–એક પરમાણુ માત્રને હલાવવાનું સામર્થ્ય ધરાવતો નથી, તો પછી દેહાદિની ક્રિયા આત્માના હાથમાં ક્યાંથી હોય? જ્ઞાની ને અજ્ઞાનીમાં આકાશ–પાતાળના અંતર જેવડો મહાન તફાવત છે, અને તે એ કે અજ્ઞાની પરદ્રવ્યનો તથા રાગ–દ્વેષનો કર્તા થાય છે અને જ્ઞાની પોતાને શુદ્ધ અનુભવતો થકો તેનો કર્તા થતો નથી.

(૪) ૧. કિંચિત્ માત્ર આજ સુધી પરને (જીવને કે જડને) લાભ કે નુકશાન તેં કર્યું જ નથી.

૨. આજ સુધી કોઈએ (જડ કે જીવે) કિંચિત્ માત્ર તને લાભ કે નુકશાન કર્યું નથી જ.

૩. આજ સુધી સતત તેં તારા માટે એકલો નુકશાનનો જ ધંધો કર્યો છે. અને સાચી સમજણ નહિ કર ત્યાં સુધી તે ધંધો ચાલશે જ.

૪. તે નુકશાન તારી ક્ષણિક અવસ્થામાં થયું છે, તારી વસ્તુમાં નથી થયું.

૫. તારી ચૈતન્યવસ્તુ ધ્રુવ અવિનાશી છે માટે તે ધ્રુવસ્વભાવ તરફ લક્ષ (દ્રષ્ટિ) દે, તો શુદ્ધતા પ્રગટે, નુકશાન ટળે ને અટળ લાભનો ધંધો થાય.

(૫) અખંડ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક સ્વભાવ એ જ હું છું, જ્ઞાન સિવાય મારો સ્વભાવ નથી.

(૬) દિગંબર જૈન ધર્મ તે જ વાસ્તવિક જૈનધર્મ છે અને આંતરિક તેમજ બાહ્ય દિગંબરતા વિના કોઈ જીવ મોક્ષ પામી શકે નહિ.

(૭) સમસ્ત સંસાર અને સંસાર તરફના વલણના ભાવથી હવે અમે સંકોચાઈએ છીએ, અને ચિદાનંદ ધ્રુવસ્વભાવી એવા 'સમયસાર' માં સમાઈ જવા માંગીએ છીએ; બાહ્ય કે અંતર્ સંયોગ સ્વપ્ને પણ જોઈતો નથી...બહારના ભાવ અનંતકાળ કર્યા. હવે અમારું પરિણમન અંદર ઢળે છે.... અપ્રતિહતભાવે અંતર્સ્વરૂપમાં ઢળ્યા તે ઢળ્યા, હવે અમારી શુદ્ધપરિણતિને રોકવા જગતમાં કોઈ સમર્થ નથી.

(૮) પોતાના વીતરાગ સ્વરૂપના ભાનસહિત જિનબિંબદર્શનથી નિધ્ધત્ત અને નિકાચીત કર્મનો પણ ભાંગીને ભૂક્કો થઈ જાય છે–જેમ વીજળીના પડવાથી પર્વતના ભાંગીને ભૂક્કા થઈ જાય છે તેમ આત્માના પુરુષાર્થ પાસે કર્મનો ભાંગીને ભૂક્કો જ થઈ જાય છે.

(૯) સુખસ્વરૂપના ભાન વિના કોઈ કાળે કોઈ ક્ષેત્રે કોઈને પણ સુખ હોઈ શકે નહિ. આત્મા પોતાના દુઃખરહિત સુખસ્વરૂપને જાણતો નથી, એટલે પોતાનું સુખ પરથી (પરના આધારે) માને છે, તે માન્યતા જ દુઃખનું મૂળ છે.

(૧૦) 'એક વાર હા તો પાડ!' અનંતા જ્ઞાનીઓ કહે છે કે 'તું પ્રભુ છો.' પ્રભુ! તારા પ્રભુત્વની એક વાર હા તો પાડ! એક વાર અંદર ડોકિયું કર તો તને તારા સ્વભાવના કોઈ અપૂર્વ પરમ સહજ સુખનો અનુભવ થશે.

(૧૧) "હું આત્મતત્ત્વ એક ક્ષણમાં અનંત પુરુષાર્થ કરી અનંતકાળની મુંઝવણ તોડનાર છું, કારણ કે હું અનંતવીર્યની મૂર્તિ છું,–એમ જેને બેસે તેને અનંત સંસાર હોતો નથી.

(૧૨) આજે શ્રુતપંચમી! આજે જ્ઞાનની આરાધનાનો દિવસ છે. આચાર્ય ભગવાન કહે છે કે 'અમારું કાર્ય તો એટલું હતું કે વિકલ્પ તોડીને સાતમે ગુણસ્થાને સ્વરૂપની રમણતામાં જોરપૂર્વક ઠર્યા, ત્યાંથી પાછા છઠ્ઠે આવવાની વાત જ ન હતી. સીધી વીતરાગતા જ! છઠ્ઠે આવ્યા તેનો ખેદ છે.' અહા! જુઓ તો ખરા દશા! જાણે સાક્ષાત્ વીતરાગની વાણી! વાત કાને પડતાં અંદર ઝણઝણાટ થઈ જાય છે. કે જાણે કેવળજ્ઞાન આવ્યું!

* જેઠ સુદ પાંચમ એ 'શ્રુતપંચમી' નો દિવસ મુમુક્ષુ જીવોને માટે મહામાંગળિક છે....શ્રી ભૂતબલિઆચાર્યદેવે ચતુર્વિધ સંઘની સાથે (અંકલેશ્વરમાં) શ્રુતજ્ઞાનની પૂજા કરી તેથી તે દિવસ જૈનોમાં શ્રુત પંચમી તરીકે પ્રખ્યાત છે....આ તીર્થંકર કેવળજ્ઞાનીની વાણી કેવળજ્ઞાનના જ ભણકાર કરતી આવી છે.

(૧૩) હવે સાવધાન થા.....સાવધાન થા....સર્વજ્ઞ જિનપ્રણીત ધર્મને અંગીકાર કર.....ભાઈ રે! તું ઉત્તમ જીવ છો, તારી મુક્તિનાં ટાણાં નજીક આવ્યા છે તેથી જ શ્રી ગુરુઓનો આવો ઉપદેશ તને પ્રાપ્ત થયો છે. અહા! કેવો પવિત્ર નિર્દોષ અને મધુર ઉપદેશ છે! આવા પરમ હિતકારી ઉપદેશને કોણ અંગીકાર ન કરે?–જેને દુનિયાથી પાર થવું છે, જન્મ–મરણ રહિત થવું છે ને આત્મસ્વરૂપની જેને દરકાર છે તે તો આ વાત જરૂર માનવાના.

(૧૪) માતા! કોલકરાર કરીએ છીએ કે હવે બીજો ભવ કે બીજી માતા કરવાના નથી. માતા! એક તને દુઃખ થશે, હવે બીજી માતા નહિ રોવડાવીએ, અમે અશરીરી સિદ્ધ થઈ જશું.–હે માતા! રજા આપ.

( ૧૫ ) સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વર અરહંતદેવનો સેવક થવા માટે આખી દુનિયાને મૂકી દેવી પડે એટલે કે જગતની દરકાર છોડી દેવી પડે. આખા જગતની પ્રતિકૂળતા આવી પડે તોય ભગવાન અરહંત દેવની શ્રદ્ધા અને ભક્તિ ન છોડાય. અરિહંતદેવનો સેવક થયો, હવે અરહંતપદ લીધે જ છૂટકો અરહંતનો ભક્ત ભીડને ભાળતો જ નથી.

( ૧૬ ) મોક્ષમાર્ગ તેનું નામ કે આત્મભાન સહિત આત્માની સ્થિરતામાં રહી આગળ વધે; તે મોક્ષમાર્ગ કહો, અમૃતમાર્ગ કહો, કે સ્વરૂપમાર્ગ કહો. જેઓ પ્રભુ થયા તેઓ બહારના સાધનથી નથી થયા, પણ અંતર્સ્વરૂપના સામર્થ્યથી થયા છે. બધા આત્મા શક્તિપણે પ્રભુસ્વરૂપ છે, જે પોતાની પ્રભુતાને ઓળખે તે પ્રભુ થાય.

( ૧૭ ) શ્રી જિનદેવ કેવળજ્ઞાન–શરીરી છે. ( પૃ. ૧ )

સિદ્ધભગવાન શિવસ્વરૂપ છે. ( પૃ ૨ )

શ્રુતદેવી માતા ( અંબા ) સદા ચક્ષુષ્મતિ અર્થાત્ જાગૃતચક્ષુ છે. ( પૃ. ૩ )

ગણધરદેવ સમુદ્રને લોકો નમસ્કાર કરો. ( પૃ. ૩ ) ( કષાયપ્રાભૃત–જયધવલા પુઃ ૧ )

( ૧૮ ) જો એમ કહેવામાં આવે કે કેવળજ્ઞાન અસિદ્ધ છે, તો તેમ પણ નથી; કેમકે સ્વસંવેદન પ્રત્યક્ષદ્વારા કેવળજ્ઞાનના અંશરૂપ જ્ઞાનની નિર્બાધપણે ઉપલબ્ધિ થાય છે, અર્થાત્ મતિજ્ઞાનાદિક કેવળજ્ઞાનના અંશરૂપ છે અને તેની ઉપલબ્ધિ સ્વસંવેદન પ્રત્યક્ષથી સર્વેને થાય છે, તેથી કેવળજ્ઞાનના અંશરૂપ અવયવ પ્રત્યક્ષ છે માટે, કેવળજ્ઞાન–અવયવીને પરોક્ષ કહેવું યુક્ત નથી.

( –કષાયપ્રાભૃત–જયધવલા પુઃ ૧ પાનું ૪૪ )

( ૧૯ ) અહા ! સંતોએ માર્ગ સહેલા કરી દીધા છે. આત્મતત્ત્વના ભાન વિના તું શું કરીશ, ભાઈ !–જેનાથી જન્મમરણનાં અંત ન આવે ને આત્મતત્ત્વની સ્વાધીનતા ન ખીલે એ તે કાંઈ આચરણ કહેવાય ? "હું અને તું સરખા"–બોલ ! આ વાત બેસે છે ? જો કહે 'હા'–તો હાલ્યો આવ !

( ૨૦ ) શ્રી રત્નકરંડ શ્રાવકાચારની ૨૬મી ગાથામાં શ્રી સમન્તભદ્રાચાર્યે કહ્યું છે કે '**न धर्मो धार्मिकैर्विना**' ( –ધર્મ ધર્માત્મા વગર હોતો નથી. ) જેને આત્માનો ધર્મ રુચ્યો છે તેને જ્યાં જ્યાં ધર્મ જાુએ ત્યાં ત્યાં પ્રમોદ અને આદરભાવ આવ્યા વગર રહે નહિ....તેને બીજા ધર્માત્માઓ પ્રત્યે અણગમો કે અદેખાઈ ન હોય.

( ૨૧ ) "**महाराजजीका यह अद्‌भुत तत्त्वज्ञान तमाम दुनियामें सब भाषामें प्रचार होवे ऐसी हमारी भावना है, और हिंदी भाषाका बहोत प्रचार है इसलिये महाराजजीका वचनका गुजरातीमें जो पत्र नीकलता है और उनका जो हिंदीमे कोपी नीकलता है उनका प्रचारके लिये रू १००१ ) मैं मदद करता हूँ।।**" –ઇંદોરના સર હુકમીચંદજી શેઠ.

( ૨૨ ) અહો સમયસાર ! તારા માહાત્મ્ય કઈ રીતે કરીએ ? અરે, આ ચાંદીની તો શું કિંમત ? પણ સુવર્ણના પાનાં કરીને તેમાં રત્નોના અક્ષરો લખું તોય તારાં મૂલ્ય ન અંકાય....આત્માના સ્વરૂપની ઓળખાણ થાય તો જ તેનો યથાર્થ મહિમા સમજાય, અને ત્યારે જ આ સમયસારની કિંમત સમજાય.

( ૨૩ ) ઘણા જિજ્ઞાસુઓને આ જ પ્રશ્ન ઊઠે છે કે ધર્મ માટે પ્રથમ શું કરવું ? તેથી કહ્યું છે કે પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનવડે આત્માનો નિર્ણય કરવો....જેણે સ્વભાવના લક્ષે શ્રુતનું અવલંબન લીધું છે તે અલ્પકાળમાં આત્માનુભવ કરશે જ. હું તો સ્વાધીન જ્ઞાનસ્વભાવી છું–આમ જેણે નિર્ણય કર્યો તેને અનુભવ થયા વગર રહેશે જ નહિ. અહીં શરૂઆત જ એવી જોરદાર ઉપાડી છે કે પાછા પડવાની વાત જ નથી.

( ૨૪ ) તમારે જો પોતાનું હિત કરવું છે તો સર્વ આત્મહિતનું મૂળ કારણ જે આપ્ત તેના સ્વરૂપનો સાચો

નિર્ણય કરી જ્ઞાનમાં લાવો...જે સત્પુરુષ છે તેમણે પોતાના કલ્યાણ અર્થે સર્વ સુખનું મૂળ કારણ જે આપ્ત અર્હંત્ સર્વજ્ઞ તેનો યુક્તિપૂર્વક સારી રીતે સર્વથી પ્રથમ નિર્ણય કરી આશ્રય લેવો યોગ્ય છે... સર્વથી પ્રથમ અર્હંત્ સર્વજ્ઞનો નિર્ણય કરવારૂપ કાર્ય કરવું–એ જ શ્રી ગુરુની મૂળ શિક્ષા છે.

(૨૫) જે આ મહાવીર ભગવાનનો નિર્વાણ કલ્યાણક ઊજવવાનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવ્યું છે તે પ્રમાણે સમજીને જે પોતાનું સ્વરૂપ પ્રગટ કરશે તે મુક્તિને પામશે. ભગવાન મહાવીરના આત્માનું સ્વરૂપ છે તેવું જ બધા આત્માનું સ્વરૂપ છે.

(૨૬) અહીં આખો આત્મસ્વભાવ પ્રસન્ન થાય છે; કોને પ્રસન્ન થાય છે?–જે જીવે.....પરિપૂર્ણ સ્વભાવનો....નિર્ણય કર્યો તે જીવને સ્વભાવ પ્રસન્ન થાય છે. જ્યાં સ્વભાવને નિર્ણયમાં લીધો ત્યાં સ્વભાવ પ્રસન્ન થઈને કહે છે કે માગ! માગ! જે દશા જોઈએ તે આપવા તૈયાર છું. પૂર્ણ સિદ્ધ પદ માગ! હું આ જ ક્ષણે તે તને દઉં.–આ રીતે જે પર્યાયરૂપે પોતે થવા માગે તે પર્યાય સ્વભાવમાંથી પ્રગટી શકે છે.

(૨૭) "**महाराजजी मेरे आनंदका पार नहि है, आप तो श्री वीरभगवान और कुन्दकुन्द आचार्यका मार्ग प्रकाशीत कर रहा हो, मेरा आनंदकी क्या बात करुं! आपकी पास तो मोक्ष जानेका सीधा रस्ता है।**"
–ઇંદોરના સર હુકમીચંદજી શેઠ.

(૨૮) સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનનો નિર્ણય કરનારના જ્ઞાનમાં અનંત પુરુષાર્થ આવી જ જાય છે...કેવળજ્ઞાનને કબુલવામાં અનંત પુરુષાર્થની અસ્તિ આવે છે છતાં કબુલતો નથી તો તું માત્ર વાતો જ કરે છે પણ તને સર્વજ્ઞનો નિર્ણય થયો નથી. જો સર્વજ્ઞનો નિર્ણય હોય તો પુરુષાર્થની અને ભવની શંકા ન હોય; સાચો નિર્ણય આવે અને પુરુષાર્થ ન આવે તેમ બને જ નહીં.

(૨૯) સ્વરૂપલીન થયેલા સાધક સંત મુનિને પરિષહનું જરાય દુઃખ નથી, એ તો પરમ સુખી છે....આત્માના ચૈતન્યની પ્રેરણાના અમૃતઝરણાં પી રહ્યા છે....આત્માનું સુખ અનુભવવામાં તેઓ એવા લીન છે કે શરીરનું લક્ષ નથી, અનંત સિદ્ધોની પંક્તિમાં બેસીને આત્માના અમૃતનો આનંદ ભોગવી રહ્યા છે.....વંદન હો તે સાધક સંતમુનિને.

(૩૦) કુંદકુંદ ભગવાન પડકાર મારીને ચેતાવે છે કે ભાઈ રે! ધ્યાન રાખજે, સ્વભાવની સાધકદશામાં વચ્ચે રાગ આવી પડશે ખરો, મુનિદશામાં પણ વિકલ્પ ઊઠશે ખરો, પણ તેને સાધન ન માનીશ, તેની હોંશ ન કરીશ, તે બાધક છે, તેને બાધકપણે જાણીને છોડી દેજે અને નિશ્ચય સ્વભાવના જોરે આગળ પગલાં ભરજે; એટલે કે નિશ્ચય સ્વભાવની દ્રષ્ટિના જોરે જ તારી પર્યાય ક્રમેક્રમે શુદ્ધ થતી જશે.

(૩૧) શુભભાવ તે ધર્મનું પગથિયું નથી, પણ સમ્યક્ સમજણ તે જ ધર્મનું પગથિયું છે. કેવળજ્ઞાનદશા તે સંપૂર્ણ ધર્મ છે અને સમ્યક્ સમજણ તે અંશે ધર્મ (શ્રદ્ધારૂપી ધર્મ) છે, તે શ્રદ્ધારૂપી ધર્મ એ જ ધર્મનું પહેલું પગથિયું છે. આ રીતે ધર્મનું પગથિયું તે ધર્મરૂપ જ છે, પણ અધર્મરૂપ એવો શુભભાવ તે કદાપિ ધર્મનું પગથિયું નથી....ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે કે 'दंसणमूलो धम्मो' ધર્મનું મૂળ દર્શન છે.

(૩૨) આચાર્ય કહે છે કે, જ્યારે અમારે સ્વરૂપમાં સમાઈ જવાના, વિકલ્પ તોડીને સ્થિર થવાના અવસર આવ્યા અને તું સંસારના ભ્રમણથી થાકીને અમારી પાસે આવ્યો ત્યારે બીજું બધું ભૂલીને અમારો અનુભવ સમજી લે. પ્રથમ ધડાકે એક વાત સાંભળી લે કે તું જ્ઞાયકસ્વરૂપ છો, મુક્ત જ છો. તારા સ્વતંત્ર સ્વભાવની હા લાવ...એક વાર જુદા ચૈતન્યસ્વભાવ સમીપ આવીને અંતર્દ્રષ્ટિથી જો અને શ્રદ્ધા કર! તે જ સમ્યગ્દર્શન છે. મુક્તસ્વભાવની હા પાડી, અંદરથી ઊછળીને સત્નો આદર કર્યો તે શ્રદ્ધા જ મોક્ષનું બીજ છે. સ્વપ્નદશામાં પણ તે જ વિચાર, તેનો જ આદર અને તેના જ દર્શન થયા કરે.

( ૩૩ ) સૌરાષ્ટ્રદેશમાં ગિરનાર પર્વતની ચન્દ્રગુફામાં મહામુનિ શ્રી ધરસેનાચાર્યદેવ બિરાજતા હતા...શુભ સ્વપ્ન જોઈને તેઓ સંતુષ્ટ થયા અને ઉત્સાહમાં એવું વાક્ય બોલ્યા કે “जय हो श्रुतज्ञाननो” તે જ દિવસે બે મુનિઓ આવી પહોંચ્યા અને વંદન કરી વિનયપૂર્વક આજ્ઞા માગી. ધરસેનાચાર્યદેવે તેમની પરીક્ષા કરી અને પછી સંતુષ્ટ થતાં, સર્વજ્ઞપરંપરાથી ચાલ્યું આવતું શ્રુતજ્ઞાન તેમને આપ્યું.

( ૩૪ ) ‘સ્વરૂપનો અનુભવ કઠણ છે’ એમ માનનાર બહિરાત્મા છે. જ્યારે નવરાશ મળે ત્યારે પરની વાત હોંશથી કરે છે પણ તે વખતે સ્વભાવની વાત કરે તો કોણ રોકે છે? ઊંધા ભાવ કરી રહ્યો છે તે ભાવમાં તને પ્રતિકૂળ સંયોગો નથી નડતા અને સ્વરૂપની સમજણના સવળા ભાવ કરવામાં તને પ્રતિકૂળ સંયોગો નડે છે?–વાહ! પોતાને આત્માની દરકાર નથી તેથી સંયોગનો દોષ કાઢે છે.

( ૩૫ ) સમ્યગ્દર્શન આ જગતમાં સર્વશ્રેષ્ઠ કલ્યાણકારી ચીજ છે. સમ્યગ્દર્શનનો અપૂર્વ મહિમા છે. અહા! આ વાત સાંભળીને કયા જીવને ઉત્સાહ ન જાગે? પ્રદ્યુમ્નકુમારને જોઈને તેની સાચી જનેતા રુકિમણીને સ્તનમાં દૂધ ઊભરાણાં તેમ સાચા જિજ્ઞાસુ જીવોને પોતાના સમ્યગ્દર્શનની વાત સાંભળતા રુંવાટે રુંવાટે( –પ્રદેશે પ્રદેશે ) ઉત્સાહ ચડે અને યથાર્થ નિર્ણય કરીને તે સત્ય નિર્ણયના જોરે કેવળજ્ઞાન સન્મુખ પુરુષાર્થ કરે.

( ૩૬ ) પ્રભુ! આ મોંઘેરા અવસર મળ્યા અને જો આ વખતે સતની ઓળખાણ અને બહુમાન નહિ કર તો અસત્‌ના પ્રેમે તારો આત્મસૂર્ય અસ્ત થઈ જશે.....ભાઈ, પ્રથમ તારા આત્મસ્વભાવની ઓળખાણ કરવાનું જ કહેવાય છે.....માટે તું કોઈ પણ ઉપાયે ખૂબ પ્રયત્ન કરીને પણ તારા સતને સમજ. જુઓ તો ખરા, જ્ઞાનીઓની કરુણા! આવો ઉપદેશ સાંભળીને, જેને આત્માની રુચિ–બહુમાન હોય તેને જ્ઞાની પ્રત્યે ભક્તિ ઊછળ્યા વગર કેમ રહે? .......હે નાથ? જો તારા ચરણની ભક્તિ ન હોત તો આ જગતના જીવોનો જન્મ–મરણથી ઉદ્ધાર કેમ થાત?

( ૩૭ ) “આજ પવિત્ર આત્મા શ્રી મહાવીર પ્રભુજી સદાને માટે સંસારથી મુક્ત થઈને અભૂતપૂર્વ સિધ્ધદશા પામ્યા અને શ્રી ગૌતમપ્રભુ કેવળજ્ઞાન પામ્યા”–એ સાંભળીને કયા મુમુક્ષુનું હૈયું આનંદથી ન નાચી ઊઠે!! ....જે ભવ્યાત્માઓએ આત્મામાં શુદ્ધ સમ્યગ્દર્શનાદિ પ્રકાશ પ્રગટાવીને સિધ્ધદશા સન્મુખ પુનિત પગલાં માંડયા છે તેઓ પણ ધન્ય છે.....જેમના પવિત્ર આત્મામાં શુધ્ધ સમ્યગ્દર્શનરૂપી વેણલા વાયા છે તેઓ ભાવના કરે છે કે અહો, ધન્ય તે કાળ અને ધન્ય તે ભાવ! મારા આત્મામાં કેવળજ્ઞાન પ્રગટ થવાનાં પરોઢિયા થઈ ગયા છે.

( ૩૮ ) લોકો બોલે છે કે ક્રિયાથી ધર્મ થાય; પણ કોની ક્રિયા? અને કઈ ક્રિયા?–જડની ક્રિયા કે ચેતનની ક્રિયા? અને વિકારી ક્રિયા કે અવિકારી ક્રિયા? જડની ક્રિયા, વિકારી ક્રિયા અને અવિકારી ક્રિયા તેના સ્વરૂપનું જેને ભાન નથી તે ધર્મની ક્રિયા ક્યાંથી કરશે? મુક્તિની ક્રિયામાં પર સાથે તો સંબંધ નથી અને પર તરફના વલણથી જે ભાવ થાય તેની સાથે પણ સંબંધ નથી.....સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન–સ્થિરતામાં ટકી છે તે જ અવિકારી ક્રિયા છે, તે ધર્મ છે, તે મોક્ષની ઉત્પાદક છે......

( ૩૯ ) અહા, ધન્ય તે ધર્મકાળ અને તે ધર્માત્માઓ! જ્યારે પારણામાંથી જ બાળકોને તત્ત્વનાં સીંચન મળતાં, સાચું તત્ત્વજ્ઞાન ઘેર ઘેર મળતું, અને તે આત્માઓ પણ કુમારવયથી જ તત્ત્વના પ્રેમીઓ હતા, તત્ત્વજ્ઞાન એ તેઓના જીવનનું મુખ્ય અંગ હતું.....આજે પણ આ ભરતક્ષેત્રમાં ફરીથી ધોરી ધર્મમાર્ગના સુપ્રભાતનો ઉદય થાય છે.

( ૪૦ ) હે જીવો! જો તમે આત્મકલ્યાણને ચાહતા હો તો સ્વતઃ શુધ્ધ અને સમસ્ત પ્રકારે પરિપૂર્ણ આત્મસ્વભાવની રુચિ અને વિશ્વાસ કરો, તેનું જ લક્ષ અને આશ્રય કરો....તેના આશ્રયે, લક્ષે પૂર્ણતાની

પ્રતીતરૂપ સમ્યગ્દર્શન થશે. એ સમ્યગ્દર્શન પોતે કલ્યાણસ્વરૂપ છે અને એ જ સર્વ કલ્યાણનું મૂળ છે. જ્ઞાનીઓ સમ્યગ્દર્શનને ‘કલ્યાણની મૂર્તિ’ કહે છે માટે હે જીવો! તમે સર્વપ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો અભ્યાસ કરો....હે જીવ! સર્વજ્ઞના ધર્મ સિવાય આ જગતમાં કોઈ શરણભૂત નથી, માટે સર્વજ્ઞદેવે કહેલા આત્મસ્વભાવનું આરાધન કર.

(૪૧) અરે ભાઈ! તું લોકસંજ્ઞા છોડીને સ્વતત્ત્વનો આદર કર. લોક ગમે તેમ બોલે, તું લોકસંજ્ઞાથી ઉદાસ થઈ જા. મરણસમયે જેમ કોઈ સહાયકારી નથી તેમ આ જગતમાં તારા સ્વતત્ત્વના આદર સિવાય અન્ય કોઈ શરણભૂત નથી, માટે દુનિયાની દરકાર છોડીને આત્માના કલ્યાણનો માર્ગ લે.

(૪૨) “આત્માર્થી શ્રી કાનજી મહારાજ દ્વારા દિ૦ જૈન ધર્મનું જે સંરક્ષણ અને સંવર્ધ્ધન થઈ રહ્યું છે તેનું વિદ્વત્ પરિષદ શ્રદ્ધાપૂર્વક અભિનંદન કરે છે....આ અવસર પર અભિનંદન અને સ્વાગતની સાથે સાથે પરિષદ એ પણ ઘોષિત કરે છે કે, જે તેઓશ્રીનું કર્તવ્ય છે તે અમારું જ છે તેથી આ પ્રવૃત્તિમાં અમે તેમની સાથે છીએ.

(–ત્રીજા અધિવેશન વખતે ભારતવર્ષીય દિ૦ જૈન વિદ્વત્ પરિષદે કરેલ પ્રસ્તાવમાંથી.)

(૪૩) જેમ એક ગુફામાં છ મુનિરાજ બહુ કાળથી રહે છે પરંતુ કોઈ કોઈથી મોહિત નથી, ઉદાસીનતા સહિત એક ક્ષેત્રમાં રહે છે; તેવી જ રીતે છ દ્રવ્યો એક લોકરૂપી ક્ષેત્રમાં જાણવા. લોકરૂપી ગુફામાં છએ દ્રવ્યો વીતરાગી મુનિઓની માફક એકબીજાથી નિરપેક્ષપણે રહેલાં છે, કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યની અપેક્ષા રાખતું નથી.

(૪૪) ભલે આજે ભરતક્ષેત્રમાં બાર અંગ, ચૌદ પૂર્વના જ્ઞાતા વિદ્યમાન નથી તો પણ બાર અંગ અને ચૌદ પૂર્વનું એક માત્ર પ્રયોજન જે શુદ્ધાત્માનું જ્ઞાન તેના ધારક શ્રુતજ્ઞાનીઓ તો આજે પણ વિદ્યમાન છે...બાર અંગ, ચૌદ પૂર્વના જ્ઞાતા શ્રુતજ્ઞાનીઓ જેવા શુદ્ધાત્માને જાણતા હતા તેવા જ શુદ્ધાત્માનું જ્ઞાન આજે પણ થઈ શકે છે, માટે ભવ્ય જીવો અંતરંગમાં પ્રમોદ કરો કે આજ પણ સત્શ્રુત જયવંત વર્તે છે

(૪૫) “**निर्मलात्मसिध्धिस्तु**” શ્રી ચારણમુનિઓના આવા મહાપવિત્ર આશીર્વાદ પામીને તે વખતે ધર્માત્મા ભરતના હૃદયમાં કેટલો આહ્‌લાદ થઈ ગયો હશે–એ તો પરમાત્મા જ જાણે. અહા! આ પ્રસંગે આત્માર્થીઓનો ઉલ્લાસ અંતરમાં કેમ શમાય? એ વખતે તો, જાણે સાક્ષાત્ મુક્તિ જ પોતાના હાથમાં આવી ગઈ હોય એવા પ્રકારે ભરતજી નાચવા માંડયા, એ ઠીક જ છે, કેમકે ધર્માત્માઓને જગતના કોઈ પણ પદાર્થો કરતાં પોતાની પવિત્ર દશાની પ્રાપ્તિ માટેનો ઉલ્લાસ અપૂર્વ હોય છે.

* સ્વતંત્રતા ત્યાં યથાર્થતા; ને યથાર્થતા ત્યાં વીતરાગતા; વસ્તુસ્વભાવ સ્વતંત્ર છે, તે સ્વતંત્રતાની પ્રતીતમાં જ્ઞાનની યથાર્થતા છે અને તે યથાર્થતામાં વીતરાગતા છે.

(૪૬) હે શિવપુરીના પથિક! પ્રથમ ભાવને જાણ. ભાવ રહિત લિંગથી તારે શું પ્રયોજન છે? શિવપુરીનો પંથ જિન ભગવંતોએ પ્રયત્નસાધ્ય કહ્યો છે.

(૪૭) હે જીવ! તેં આત્માને ભૂલીને દેહદ્રષ્ટિથી તો અનંત જીવન વીતાવ્યા અને તેની પાછળ પણ તારું ભવભ્રમણનું દુઃખ તો ઊભું જ રહ્યું; પણ હવે સત્પુરુષોની આજ્ઞામાં આત્મદ્રષ્ટિથી એક જીવન તો એવું ગાળ કે જેની પાછળ ભવ જ ધારણ કરવો ન પડે.

(૪૮) દિપાવલીનું મંગળમય પર્વ તે આત્મિક સ્વાધીનતાનો ઉત્સવ છે. આત્મસ્વાધીનતા તેને કહેવાય કે જેમાં આત્મા સ્વયં સંપૂર્ણ સુખી હોય. એવી સંપૂર્ણ સ્વાધીનતા પ્રાતઃસ્મરણીય શ્રી સિદ્ધભગવંતોને છે....સિદ્ધ દશા તે જ સંપૂર્ણ આત્મસ્વાધીનતા છે. એવી આત્મસ્વાધીનતાની ધન્ય ઘડીનો મહોત્સવ કરવો તે સ્વાધીનતાનો સાચો ઉત્સવ છે. આસો વદ

૧૪ ની રાત પછી–અમાસના સુપ્રભાતમાં ભગવાન વર્દ્ધમાન પ્રભુએ અભૂતપૂર્વ સિદ્ધદશા પ્રાપ્ત કરી.... આત્મસ્વાધીનતા પ્રાપ્ત કરી.

(૪૯) सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं निर्विकल्पोऽहं, उदासीनोऽहं, निजनिरंजनशुद्धात्मश्रद्धानज्ञानानुष्ठानरूपनिश्चयरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसंजातवीतरागसहजानंद रूप- सुखानुभूतिमात्रलक्षणेन स्वसंवेदनज्ञानेन स्वसंवेद्यो गम्य: प्राप्यो भरितावस्थोऽहं,....सर्व विभावपरिणामरहितशून्योऽहं, जगत्त्रये कालत्रयेऽति मनोवचनक यैः कृतकारितानुमतैश्च शुद्धनिश्चयनयेन। तथा सर्वेऽपि जीवा; इति निरंतरं भावना कर्तव्येति।।"
(–સમયસાર–જયસેનાચાર્ય ટીકા, તથા પરમાત્મપ્રકાશ)

(૫૦) આત્માનો પરમ આનંદ તે મંગળિક છે...આચાર્યદેવે પોતે પરમાનંદને અનુભવ્યો છે અને 'જગતના જીવ પણ તે આનંદને પામે' એવી ભાવનાથી આચાર્ય ભગવંતોએ આવા મહાન શાસ્ત્રો રચીને જગતને આનંદ તથા પરમાનંદની ભેટ કરી છે. ભગવાનની વાણી દ્વારા પોતે પરમાનંદને પામીને, તે વાણી ભવ્યજીવોને પરમાનંદ પામવા માટે ભેટ કરી છે. જેને મોક્ષદશા પ્રગટ કરવી હોય તેને તે ભેટ આપી છે. જગતને આ શાસ્ત્રોદ્વારા આચાર્યોએ પરમાનંદની ભેટ આપી છે, આ શાસ્ત્રોનો અક્ષરેઅક્ષર આત્માના આનંદનું નિમિત્ત છે.

(૫૧) યથાર્થ વસ્તુવિજ્ઞાનનું રહસ્ય પામ્યા વિના ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે, ગમે તેટલાં વ્રત–નિયમ–તપ–ત્યાગ–વૈરાગ્ય–ભક્તિ–શાસ્ત્રાભ્યાસ કરવામાં આવે તોપણ જીવનો એક પણ ભવ ઘટતો નથી, માટે આ મનુષ્યભવમાં જીવનું મુખ્ય કર્તવ્ય યથાર્થ રીતે વસ્તુ–વિજ્ઞાન પ્રાપ્ત કરી લેવાનું છે. ("વસ્તુવિજ્ઞાનસાર" ની પ્રસ્તાવનામાંથી)

(૫૨) જે ચૈતન્યનું લક્ષણ નથી એવી સમસ્ત બંધભાવની લાગણીઓ મારાથી ભિન્ન છે.... પોતાની શક્તિ દ્વારા જેણે બંધ રહિત સ્વભાવનો નિર્ણય કર્યો તેને સ્વભાવની હોંશ અને પ્રમોદ આવે કે અહો! આ ચૈતન્યસ્વભાવ પોતે ભવરહિત છે, તેનો આશ્રય કર્યો તેથી હવે ભવના અંત નજીક આવ્યા અને મુક્તિદશાનાં નગારાં વાગ્યાં. પોતાના નિર્ણયથી જે નિઃશંકતા કરે તેને ચૈતન્યપ્રદેશોમાં ઉલ્લાસ થાય અને તેને અલ્પકાળમાં મુક્તદશા થાય જ.

(૫૩) દર્શન–જ્ઞાન–ચારિત્રની વૃદ્ધિને અર્થે હે મુનિ! દીક્ષાપ્રસંગની તીવ્ર વિરતિદશાને, કોઈ રોગોત્પત્તિપ્રસંગની ઉગ્ર વૈરાગ્ય અવસ્થાને, કોઈ દુઃખપ્રસંગે પ્રગટેલી ઉદાસીનતાની ભાવનાને, કોઈ સત્ ઉપદેશ પ્રસંગે થયેલી પરમ આત્મિક ભાવનાને, કોઈ પુરુષાર્થના ધન્ય પ્રસંગે જાગેલી પવિત્ર અંતર્ભાવનાને સ્મરણમાં રાખજે, નિરંતર સ્મરણમાં રાખજે, ભૂલીશ નહિ. (ભાવપ્રાભૃત)

(૫૪) હે ભાઈ! બહારના દ્રવ્યોનું તો જેમ થવાનું તેમ જ થવાનું, તારા જ્ઞાનનો સ્વભાવ તો જાણવાનો જ છે. જુઓ તો ખરા, આમાં જ્ઞાનની કેટલી શાંતિ! જ્ઞાનને કોઈ વિઘ્ન કરનાર નથી અને કોઈ મદદગાર નથી. જેણે આવો જ્ઞાનસ્વભાવ સ્વીકાર્યો તેને અભિપ્રાયમાંથી તો સર્વ રાગ–દ્વેષ બંધભાવ ટળી ગયા એટલે કે અભિપ્રાયથી તો તે મુક્ત થયો; હવે તે જ અભિપ્રાયના જોરે અલ્પકાળે બંધભાવોને સર્વથા છેદીને મુક્ત થશે.

(૫૫) જે ભવ્ય જીવને સંસાર દુઃખદાયક ભાસ્યો છે ને તેનાથી છૂટીને જ્ઞાનસ્વરૂપમાં આવવાની ઝંખના જાગી છે એવા મોક્ષાર્થીઓને શ્રી આચાર્યદેવ આદેશ કરે છે કે, જેમના જ્ઞાનનો અભિપ્રાય ઉદાર છે એવા હે મોક્ષાર્થી જીવો! તમે એક આજ સિદ્ધાતનું સેવન કરો કે 'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું, એ સિવાય બધાય ભાવો હું નથી, તે બધાય ભાવો મારાથી જુદા છે.'–જેમ બાળકના અંતરમાં તેની માતાનું જ રટણ હોય છે....તેમ ધર્મી જીવના અંતરમાં 'મારા સિદ્ધભગવાન, મારી સિદ્ધદશા' એમ જ રટણ થઈ રહ્યું છે. પોતાના સ્વભાવ સિવાય બીજા કોઈ પણ ભાવથી તેઓ સંતોષાતા નથી.

(૫૬) કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનું અપાર માહાત્મ્ય છે. ગુરુદેવે ઘણાં વર્ષો પહેલાં રાજકોટમાં શ્રીમદ્ રાજચંદ્રજીની જયંતિ પ્રસંગે કહ્યું હતું કે 'સમ્યગ્દ્રષ્ટિ બળદની ખરી જે વિષ્ટા ઉપર પડે તે વિષ્ટા પણ ધન્ય છે.' પ્રત્યેક પદાર્થને પોતાના સ્પર્શમાત્રથી ધન્ય બનાવનાર સમ્યગ્દ્રષ્ટિ મહાપુરુષની જન્મજયંતિ ઉજવવાનો આજનો પ્રસંગ આપણા માટે અતિ આનંદોલ્લાસનો પ્રસંગ છે.

(૫૯મા જન્મોત્સવપ્રસંગે વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલ જે. શાહના ભાષણમાંથી)

(૫૭) હે મુનિ! આત્મા કલ્યાણસ્વરૂપ છે એમાં તું તારા મનને જોડ, તેને છોડીને બહાર ન જા.

(૫૮) હે ભવ્ય! તને નકામો કોલાહલ કરવાથી શું લાભ છે? એ કોલાહલથી તું વિરક્ત થા અને એક ચૈતન્ય માત્ર વસ્તુને પોતે નિશ્ચળ લીન થઈ દેખ; એવો છ મહિના અભ્યાસ કર અને જો–તપાસ કે એમ કરવાથી પોતાના હૃદયસરોવરમાં જેનું તેજ, પ્રતાપ, પ્રકાશ પુદ્ગલથી ભિન્ન છે એવા આત્માની પ્રાપ્તિ નથી થતી કે થાય છે. (–જરૂર થશે જ.)

(૫૯) તીર્થંકરોનો પંથ સ્વાશ્રયનો જ છે. તીર્થંકરોના ઉપદેશમાં સંપૂર્ણ સ્વાશ્રયનો જ આદેશ છે. મોક્ષમાર્ગમાં અંશમાત્ર પરાશ્રયભાવ તીર્થંકરોએ ઉપદેશ્યો નથી. જે જીવ સ્વાશ્રય નથી કરતો તે જીવ તીર્થંકરોના ઉપદેશના આશયને સમજ્યો નથી.–આવો શ્રી તીર્થંકરોનો પંથ જ્ઞાનીઓ બતાવે છે અને જગતના જીવોને હાકલ કરે છે કે હે જગતના જીવો! મોક્ષનો માર્ગ આત્માશ્રિત છે. તમે પરાશ્રયને છોડીને આ સ્વાશ્રિતમાર્ગમાં નિઃશંકપણે ચાલ્યા આવો.

(૬૦) જીવનું પોતાનું નિજસ્વરૂપ વીતરાગ છે, વીતરાગ છે, વીતરાગ છે; જેઓ તે વીતરાગસ્વરૂપનું વારંવાર કથન કરે છે તે જ સદા ગુરુપદે શોભે છે. *** શ્રી ગુરુ જ્ઞાનને સ્થિરીભૂત કરીને પોતાના આત્માને તો વીતરાગસ્વરૂપ અનુભવે છે, અને જ્યારે કોઈને ઉપદેશ પણ આપે છે ત્યારે અન્ય સર્વે દૂર કરીને એક જીવનું નિજસ્વરૂપ વીતરાગ છે તેનું જ વારંવાર કથન કરે છે. વીતરાગસ્વરૂપ સિવાય બીજો કોઈ અભ્યાસ તેમને નથી. (–આત્માવલોકન)

(૬૧) શ્રી કુંદકુંદ ભગવાન ભવ્ય જીવોને મોક્ષ માટે આમંત્રણ આપે છે; અમારા ઘરે મોક્ષદશાની રસોઈ તૈયાર થઈ ગઈ છે. અમે તને જે કહીએ છીએ તેની હા પાડ, તો તું મોક્ષદશા માટેનાં ભાણે બેઠો છે. ભાણે બેઠા પછી મોક્ષદશાનાં ભોજન આવતાં વાર નહિ લાગે. અરે, આવ તો ખરો! હા તો પાડ! આત્માના સ્વભાવસુખનો સ્વીકાર તો કર.

(૬૨) સમુદ્રનાં પાણીથી પણ જેની તૃષા ન છીપી તેની તૃષા એક ટીપું પાણીથી તૂટવાની નથી; તેમ આ જીવે સ્વર્ગાદિ ભોગ અનંતવાર ભોગવ્યા છતાં તૃપ્તિ થઈ નહિ, તો સડેલા ઢીંગલા સમાન આ માનવદેહના ભોગથી તેને કદાપિ તૃપ્તિ થવાની નથી, માટે ભોગ ખાતર જિંદગી ગાળવા કરતાં મનુષ્ય જીવનમાં બ્રહ્મચર્ય પાળવું અને તત્ત્વનો અભ્યાસ કરવો તે જ માનવજીવનનું ઉત્કૃષ્ટ કર્તવ્ય છે.

(૬૩) હે જીવો! અંદરમાં ઠરો.....રે...ઠરો! અનંત મહિમાવંત શુદ્ધ આત્મસ્વભાવનો આજે જ અનુભવ કરો.

(૬૪) હે ભાઈ! ચૈતન્ય ભગવાન કેવા છે તેને જોવાને એક વાર કુતુહલ તો કર. જો દુનિયાની અનુકૂળતા કે પ્રતિકૂળતામાં રોકાઈશ તો તારા ચૈતન્યભગવાનને તું જોઈ શકીશ નહિ, માટે દુનિયાનું લક્ષ છોડી દઈ અને તેનાથી એકલો પડી એક વાર મહાન કષ્ટે પણ તત્ત્વનો કૌતૂહલી થા.

(૬૫) અહો! કુંદકુંદાચાર્યદેવની શું વાત કરીએ? કુંદકુંદાચાર્યદેવ તો ભગવાન કહેવાય. એમનું વચન એટલે કેવળીનું વચન. અંતરમાં અધ્યાત્મના પ્યાલા ફાટી ગયેલા હતા. એકદમ કેવળજ્ઞાનની તૈયારી હતી. વીતરાગભાવે અંતરમાં ઠરતાં ઠરતાં વળી છદ્મસ્થ દશામાં રહી ગયા, ને વિકલ્પ ઊઠતાં આ સમયસારાદિ મહાન શાસ્ત્રો રચાઈ ગયાં.–એટલા વળી જગતના મહાભાગ્ય!

( ૬૬ ) આત્મસ્વભાવ મહિમાવંત છે, તે મોક્ષસુખનો દેનાર છે, તે સ્વાનુભવથી જણાય છે પણ વાણીના વિસ્તારથી જણાતો નથી. લાખો–કરોડોમાં તેને જાણનારા કોઈક વિરલા જ હોય છે. આ જગતમાં આવો આત્મા જયવંત છે અને આત્માને જાણનારા પણ સદાય હોય છે. જો કે આત્માને જાણનારા વિરલા જ હોય છે પણ તેનો કદી વિરહ પડતો નથી; પૂર્વે આત્માને જાણનારા હતા, અત્યારે છે ને ભવિષ્યમાં થશે.

( ૬૭ ) જેણે પૂર્વે આયુષ્ય બાંધ્યું ન હોય એવા અવિરત સમ્યગ્દ્રષ્ટિ પણ વૈમાનિક દેવ અથવા ઉત્તમ મનુષ્યમાં જ જન્મે છે, એ સિવાય બીજે ક્યાંય જન્મતા નથી; તેથી ઉત્તમ દેવપણું અને ઉત્તમ મનુષ્યપણું–એ બેને છોડીને બાકીના સમસ્ત સંસારના કલેશથી તે મુક્ત છે, માટે સંસારના દુઃખોથી ભયભીત એવા ભવ્યજીવોએ સમ્યગ્દર્શનની આરાધનામાં સદાય તત્પર રહેવું જોઈએ.

( ૬૮ ) હે ભાઈ! એક વાર તું એમ તો માન કે જ્ઞાનસ્વરૂપ જ હું છું....મારું જ્ઞાન રાગમાં એકમેક થઈ જતું નથી. આમ રાગ અને જ્ઞાનની ભિન્નતાને જાણીને એક વાર તો રાગથી જાુદો પડીને આત્માના જ્ઞાનનો અનુભવ કર. તારા જ્ઞાનસમુદ્રમાં એક વાર તો ડુબકી માર.

( ૬૯ ) આત્મા તણા આનંદમાં મશગુલ રહેવા ઈચ્છતો, સંસારના દુઃખદર્દથી ઝટ છૂટવાને ઈચ્છતો; આપો અનુપમ આશરો પ્રભુ દીનબંધુ દેવ છો, શરણે હું આવ્યો આપને તારો પ્રભો તારો મને.

–બાળકોના સંવાદમાંથી

( ૭૦ ) અત્યારે લોકોમાં જૈનધર્મના નામે જે વાત ચાલી રહી છે તેમાં મૂળથી જ ફેર છે. મૂળ આત્મસ્વભાવની દ્રષ્ટિ વગર શાસ્ત્ર વગેરેથી હજારો વાતો જાણે પણ તેમાં એકેય વાત સાચી હોય નહિ. પૂર્વની માનેલી બધી વાતના મીંડા વાળીને સાંભળે તો આ વાત અંતરમાં બેસે તેમ છે.

( ૭૧ ) તું તારા જ્ઞાનમાં એમ નિર્ણય કર કે મારું જ્ઞાનસ્વરૂપ બધાય પદાર્થોથી જાુદું છે...તારા જ્ઞાનસ્વરૂપ આત્મા તરફ વળ, તેનો જ અભ્યાસ કર, તેની રુચિ કર, તેનું મંથન કર, તેની શ્રદ્ધા કર, તેનો જ અનુભવ કર. નિરંતર તે જ એક કરવા જેવું છે.

( ૭૨ ) આચાર્યદેવ આત્મસ્વભાવ સમજાવતાં કહે છે કે જીવ–અજીવ આદિ સાતે તત્ત્વના વિકલ્પો તે પરદ્રવ્ય છે, અને એ સાત તત્ત્વોના વિકલ્પોથી અગોચર જે શુદ્ધ અભેદ આત્મસ્વરૂપ છે તે જ એક સ્વદ્રવ્ય છે, તે જ જીવ છે, અને એને જ અંગીકાર કરવાનો છે. શુદ્ધ જીવને અંગીકાર કરવાથી શુદ્ધભાવ પ્રગટે છે. અંગીકાર કરવો એટલે તેની શ્રદ્ધા કરાવી, તેનું જ્ઞાન કરવું અને તેમાં લીન થવું.

( ૭૩ ) શ્રી મુનિરાજ નિઃસ્પૃહ કરુણાબુદ્ધિથી કહે છે કે અરે પ્રાણીઓ! આત્માનો શુદ્ધસ્વભાવ સમજ્યા વગર અનંતકાળમાં બીજા બધા ભાવો કર્યા છે, એ કોઈ ભાવો ઉપાદેય નથી. આત્માનો નિશ્ચયસ્વભાવ જ ઉપાદેય છે, એમ તમે શ્રદ્ધા કરો.

( ૭૪ ) પરમ પારિણામિક ભાવરૂપ નિરપેક્ષ ચૈતન્યસ્વભાવ બતાવીને શ્રી આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! તું આવા શુદ્ધ જીવતત્ત્વની શ્રદ્ધા કર....અશુદ્ધ આત્માની શ્રદ્ધા તો તેં અનંતકાળથી કરી છે અને તે મિથ્યાશ્રદ્ધાને લીધે જ તું સંસારમાં રખડી રહ્યો છે. માટે હવે–" પરમ શુદ્ધ આત્મા તે જ હું" એવી શુદ્ધાત્માની શ્રદ્ધા કર, તો તારા આત્મામાં શુદ્ધભાવ પ્રગટે અને તારું અવિનાશી કલ્યાણ થાય.

( ૭૫ ) અહો, આજે મહાવૈરાગ્યનો દિવસ છે, પરમ ઉદાસીનતાનો પ્રસંગ છે....આજે ભગવાન વીતરાગી ચારિત્ર દશા ધારણ કરે છે. આ આત્માને પણ એવી ચારિત્રદશા વગર મુક્તિ નથી....આવા પ્રસંગે પોતે અંતરમાં એવી ભાવના કરે કે મને એવી પરમ વીતરાગી નિર્ગ્રંથ દશા ક્યારે આવે! હું ક્યારે મુનિ થઈને

આત્મધ્યાનમાં લીન થાઉં? હું ક્યારે એ વીતરાગી સંતોની પંક્તિમાં બેસું?

(–દીક્ષા કલ્યાણક પ્રવચનમાંથી)

(૭૬) એક માત્ર ભેદજ્ઞાન સિવાય જીવ અનંત કાળમાં બધું કરી ચૂક્યો છે, પણ ભેદજ્ઞાન કદી એક સેકંડ માત્ર પણ પ્રગટ કર્યું નથી. એક સેકંડ માત્રનું ભેદજ્ઞાન અનંત જન્મમરણનો નાશ કરનાર છે–માટે તે ભેદવિજ્ઞાન નિરંતર ભાવવાયોગ્ય છે.

(૭૭) હે પ્રભાકર ભટ્ટ! તું મિથ્યાત્વાદિ શલ્ય રહિત થઈને તારા આત્માને પરમાત્મા જાણ. પરમાત્માનું ધ્યાન કરવાનું કહ્યું છે તે પોતાથી ભિન્ન પરમાત્માનું નહિ, પણ પરમાત્માની જેમ પોતાનો સ્વભાવ પરિપૂર્ણ રાગાદિ રહિત છે તેને ઓળખીને તેનું જ ધ્યાન કરવું, તે જ પરમાર્થે પરમાત્માનું ધ્યાન છે.

(૭૮) હે જીવ! તું તારા આત્માને ઓળખીને સર્વાત્મમાં સમદ્રષ્ટિ કર! કોઈના પ્રત્યે વિષમભાવ રાખીને તારે શું પ્રયોજન છે? સામો જીવ એને ભાવે તરે છે અને એના જોખમે બૂડે છે, તું તારામાં સમભાવ રાખ.

(૭૯) ધર્મ ધર્માત્માઓ વિના હોતો નથી. જેને ધર્મની રુચિ હોય તેને ધર્માત્મા પ્રત્યે રુચિ હોય જ. ધર્મી જીવો પ્રત્યે જેને રુચિ નથી તેને ધર્મની જ રુચિ નથી. જેને ધર્મની રુચિ છે તેને...બીજા ધર્માત્માઓ પ્રત્યે અણગમો કે અદેખાઈ ન હોય....પણ અંતરથી પ્રમોદ જાગે કે અહા! ધન્ય છે આ ધર્માત્માને! તેને બીજા ધર્માત્માઓને જોઈને હરખ આવે છે.

(૮૦) ધર્મી જાણે છે કે જગતના કોઈ સંયોગો મને ઇષ્ટ–અનિષ્ટ નથી, હું તો અસંયોગી, રાગ–દ્વેષ રહિત જ્ઞાયક મુક્તસ્વરૂપ છું.–આવી સ્વભાવદ્રષ્ટિમાં પૂર્વકર્મરૂપી ચોર મને કાંઈ કરવા સમર્થ નથી.

(૮૧) જે પુરુષ આ શુદ્ધાત્માને ઓળખીને તેના ધ્યાનમાં સ્થિર રહે છે તેની વાત તો દૂર રહો; પરંતુ જે પુરુષ શુદ્ધાત્માની ચિંતાનો પરિગ્રહ કરવાવાળો છે તેનું પણ જીવન આ સંસારમાં પ્રશંસનીય છે; તથા દેવોદ્વારા પણ તે પૂજાય છે, માટે ભવ્ય જીવોએ સદા શુદ્ધાત્માનું ચિંતન કરવું જોઈએ.

(૮૨) જેનાં અહોભાગ્ય હોય તેને આ તત્ત્વ સાંભળવાનું પ્રાપ્ત થાય. અને અપૂર્વ પાત્રતાથી આત્મપુરુષાર્થ કરે તો પરમાર્થની પ્રાપ્તિ થાય.....જ્ઞાન સ્વભાવી આત્માની રુચિ કરવી તે જ કલ્યાણનો પંથ છે. સ્વતંત્ર રુચિ પલટાવવાની વેદના પોતે ન કરે તો કોઈ કરાવવા સમર્થ નથી.

(૮૩) ભાદરવા સુદ પાંચમથી ચૌદસ સુધીના દસ દિવસોને 'દસલક્ષણી' કહેવાય છે. સનાતન જૈનશાસનમાં એને જ પર્યુષણ પર્વ કહે છે. શાસ્ત્રોમાં તો દસલક્ષણી પર્વ વર્ષમાં ત્રણ વાર આવવાનું વર્ણન છે, પરંતુ વર્તમાનમાં ભાદરવા માસમાં જ તેની પ્રસિદ્ધિ છે. વીતરાગી જિનશાસનમાં આ ધાર્મિક પર્વનો અપાર મહિમા છે.

(૮૪) જેમાં ખરેખર સુખ હોય તેમાં ગમે તેટલું આગળ ને આગળ જતાં ક્યારેય પણ કંટાળો ન આવે; સ્વભાવમાં સુખ છે તો તેમાં જેમ જેમ આગળ વધે છે તેમ તેમ સુખ વધે છે.....તેમાં કંટાળો આવતો નથી. ને વિષય–સુખોમાં કંટાળો આવ્યા વિના રહેતો નથી.....વિષયોમાં સુખ નથી પણ આત્મસ્વભાવમાં જ સુખ છે.–એ સ્વભાવસુખ નક્કી કરીને તેની હા પાડ, ને વિષયોમાં સુખની બુદ્ધિ છોડ.

(૮૫) હે જીવ! ......તારા આત્મામાં સિદ્ધપણું સ્થાપીને–નિર્ણય કરીને, આત્મસ્વભાવ કેવો છે તે સંભળાવતાં આચાર્યદેવ મોક્ષની મંડળી ઉપાડે છે. તું પણ આત્માની રુચિથી હકાર લાવીને મોક્ષની મંડળીમાં ભળી જા.

(૮૬) બૂંગિયો ઢોલ સાંભળીને સાડાત્રણ કરોડ રોમરોમમાં રજપૂતનું શૌર્ય ઉછળી જાય છે, તેમ તત્ત્વનો મહિમા સાંભળતાં પાત્ર ચૈતન્યનું વીર્ય ઉછળી

જાય છે.....સ્વતંત્રતાની વાત સાંભળી હે જીવ! તેનો મહિલા લાવ! શ્રી કુંદકુંદ ભગવાન સમયસારના બૂંગિયા વગાડી ગાણાં ગાય છે, તે સાંભળી તું ન ઉછળેએ કેમ બને ?

( ૮૭ ) બધા પદાર્થોના ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વભાવને નક્કી કરતાં, સ્વમાં કે પરમાં ફેરફારની બુદ્ધિ ન રહી પણ જ્ઞાનમાં જાણવાનું જ કામ રહ્યું. એટલે જ્ઞાનમાંથી 'આમ કેમ' એવો ખદબદાટ નીકળી ગયો ને જ્ઞાન ધીરું થઈને પોતામાં ઠર્યું–આમાં જ જ્ઞાનનો પરમ પુરુષાર્થ છે, આમાં જ મોક્ષમાર્ગનો ને કેવળજ્ઞાનનો પુરુષાર્થ આવી જાય છે. પરમાં કર્તાબુદ્ધિવાળાને જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી બેસતી, ને તેને જ્ઞાનના સ્વભાવનો જ્ઞાયકપણાનો પુરુષાર્થ પણ નથી જણાતો.

( ૮૮ ) હે જીવ! ઠર રે ઠર! ભાઈ, આવા અનંતકાળે દુર્લભ મનુષ્ય જીવન, તથા તેમાં મહા મોંઘપવાળા સત્સમાગમ–શ્રવણ મળ્યા અને તારો સ્વતંત્ર સ્વભાવ છે તેને તું ન માને તે કેમ ચાલે ?

( ૮૯ ) વિદેહવાસી હે સીમંધરનાથ! આપ 'સુવર્ણધામ' માં......અથવા કહો કે ભક્તોના અંતરમાં પધાર્યા પછી આ ભરતક્ષેત્રના જિનેન્દ્રશાસનમાં અનેક અનેક મંગલવૃદ્ધિ થઈ છે. અહો પ્રભો! આપના શું શું સન્માન કરીએ ? કઈ કઈ રીતે આપનું સ્વાગત કરીએ...? હે નાથ! આપના મહાન સ્વાગતના આ પવિત્ર મહોત્સવમાં સાથ પૂરાવવા આ 'સ્વાગત–અંક' આપને ચરણે ધરીને આપનું સ્વાગત કરીએ છીએ.....આપનું બહુ બહુ સન્માન કરીએ છીએ.....આપને ભક્તિ–પુષ્પોથી વધાવીએ છીએ.

–અમે છીએ, આપના સુવર્ણપુરીવાસી ભક્તો.

( ૯૦ ) માહાત્મ્ય કરવા યોગ્ય દુનિયામાં કાંઈ હોય તો તે સર્વજ્ઞપ્રણીત ધર્મ અને ધર્માત્મા જ છે.

( ૯૧ ) જે જીવનની એકેક પળ આત્માર્થ ખાતર જ વીતતી હોય, જેની એકેક પળ સંસારને છેદવા માટે છીણીનું કાર્ય કરી રહી હોય, જેની એકેક પળ આત્માને સિદ્ધ થવાની નજીક લઈ જતી હોય તે જીવન ધન્ય છે....કૃતકૃત્ય છે.

**અહા! સંતો એવું કૃતકૃત્ય જીવન જીવે છે.**

જે પરમ સંતોના શરણે એવું જીવનઘડતર થાય છે તે સંતો જયવંત હો.

( ૯૨ ) ગામડામાં એક ખેડૂત પૂછતો હતો કે 'મહારાજ! આત્મા અવતારમાં રઝડે છે, તે રઝડવાનો અંત આવે ને મુક્તિ થાય–એવું કાંઈક બતાવો!'

હે ભાઈ! હવે તને જન્મ–મરણનો થાક લાગ્યો છે? જો થાક લાગ્યો હોય તો તે જન્મ–મરણથી છૂટવા માટે ચૈતન્યશરણને ઓળખીને તેના આશ્રયે વિશ્રામ કર. જેને ભવભ્રમણનો અંતરમાં ત્રાસ લાગતો હોય તે જીવ અંતરમાં ચૈતન્યના શરણને શોધે.

( ૯૩ ) મારે આત્માનું કલ્યાણ કરવું છે–એમ જેને જિજ્ઞાસા જાગી છે, વિષય–કષાયોથી કંઈક પાછો ફરીને જે નવ તત્ત્વના વિચાર કરે છે ને અંતરમાં આત્માનો અનુભવ કરવા માંગે છે તેની આ વાત છે. xxx xxx ભાઈ, પૂર્વે જે નવતત્ત્વના વિચાર કર્યા તેના કરતાં આ કાંઈક જાુદી રીતની વાત છે. પૂર્વે નવતત્ત્વના વિચાર કર્યા તે અભેદસ્વરૂપના લક્ષ વગર કર્યા છે, ને અહીં તો અભેદસ્વરૂપના લક્ષસહિતની વાત છે.

( ૯૪ ) જેને આત્માનું લક્ષ નથી તે ગમે તેટલા શાસ્ત્રો ભણે પણ તેને શાસ્ત્રનું તે બધું ભણતર માત્ર મનના બોજારૂપ છે, અંતરમાં ચૈતન્ય–આનંદની સુગંધ તેને આવતી નથી, આત્માની શાંતિનો અનુભવ તેને થતો નથી.

( ૯૫ ) સાધક જીવ પણ જ્ઞાનસ્વભાવની એકતાની દ્રષ્ટિમાં રાગનો કર્તા નથી પણ જ્ઞાયક જ છે. આમ, જ્ઞાયક સ્વભાવનો નિર્ણય કરવો તેનું નામ ધર્મ છે,

અને એ જ દરેક આત્માર્થી–મોક્ષાર્થી જીવનું પહેલું કર્તવ્ય છે.

(૯૬) અહો! સ્વભાવદ્રષ્ટિની આ વાત અત્યારે લોકોને બહુ મોંઘી થઈ પડી છે, પણ જૈનધર્મનો મૂળ પાયો જ આ છે. આવી દ્રષ્ટિ પ્રગટ કર્યા વગર જેટલું કરે તે બધુંય સંસારનું જ કારણ થાય છે; આ દ્રષ્ટિ વગર મોક્ષમાર્ગની શરૂઆતનો અંશ પણ થતો નથી.

(૯૭) વીર. સં. ૨૪૭૭ના બેસતાવર્ષના સુપ્રભાતના મંગલ સન્દેશમાં પૂ. ગુરુદેવશ્રીએ કહ્યું હતું કેઃ આત્માના પરમ પારિણામિક–સ્વભાવનો મહિમા કરવો તે આત્માનું મંગલ બેસતું વર્ષ છે.....તે સ્વભાવમાંથી જ બધી નિર્મળ પર્યાયો આવે છે; માટે તેનો મહિમા...તેની રુચિ....ને તેમાં સન્મુખ થઈને લીનતા એ જ આત્માર્થી જીવોનું કર્તવ્ય છે.

(૯૮) શ્રી સમયસારની શરૂઆતમાં જ આચાર્યદેવ આત્મામાં સિદ્ધપણું સ્થાપે છેઃ અહો, સિદ્ધ–ભગવંતો! મારા હૃદયસ્થાનમાં બિરાજો. હું સિદ્ધોનો આદર કરું છું.–આમ પોતાના આત્મામાં સિદ્ધપણું સ્થાપવું તે ધર્મની અપૂર્વ મંગલ શરૂઆત છે.

(૯૯) સમ્યગ્દર્શન પ્રગટ કરનાર જીવને દેશનાલબ્ધિ જરૂર હોય છે; અને તે દેશનાલબ્ધિ, સમ્યક્ત્વરૂપે પરિણમેલા એવા સાક્ષાત્ જ્ઞાનીના નિમિત્તે જ પમાય છે. એકલા શાસ્ત્રથી કે કોઈ મિથ્યાદ્રષ્ટિના નિમિત્તથી દેશનાલબ્ધિ પમાતી નથી.

(૧૦૦) સમ્યગ્દર્શન પ્રગટ થતાં આત્માનો અનુભવ થાય છે. જેવો સિદ્ધભગવાનને અનુભવ હોય છે તેવો ચોથે ગુણસ્થાને સમકિતી જીવને અનુભવ હોય છે. સિદ્ધને પૂર્ણ અનુભવ હોય છે ને સમકિતીને અંશે અનુભવ હોય છે,–પણ જાત તો તે જ. સમકિતી આનંદસાગરના અમૃતનો અપૂર્વ સ્વાદ લઈ રહ્યો છે, આનંદના ઝરણામાં મોજ માણી રહ્યો છે.

(૧૦૧) જેને આત્માને ખરેખર રાજી કરવાની ધગશ જાગી તે આત્માને રાજી કર્યે જ છૂટકો કરશે, અને તેને રાજી એટલે કે આનંદધામમાં પહોંચ્યે જ છૂટકો છે. અહીં જગતના જીવોને રાજી કરવાની વાત નથી પણ જે પોતાનું હિત ચાહતો હોય તેણે શું કરવું' તેની વાત છે.

(૧૦૨) અનાકુળતા જેનું લક્ષણ છે એવી સુખશક્તિ આત્મામાં ત્રિકાળ છે. કાંઈ પણ કરવાની વૃત્તિનું ઉત્થાન તે આકુળતા છે અને આકુળતા તે દુઃખ છે. અશુભ કે શુભ કોઈ પણ વૃત્તિ રહિત શાંત નિરાકુળ દશા તે જ સુખનું સ્વરૂપ છે.

(૧૦૩) છઠ્ઠી ગાથામાં શ્રી ગુરુજી પાસેથી મહાવિનય અને પાત્રતાપૂર્વક જ્ઞાયકસ્વરૂપનું શ્રવણ કરીને તેવો અનુભવ કરવા માટે અંતર્મંથન કરતાં કરતાં 'હું જ્ઞાયક છું' એમ લક્ષમાં લેવા માંડયું; પરંતુ તેમાં ગુણગુણીભેદનો વિકલ્પ ઊઠયો...ગુણગુણીભેદના વિકલ્પથી પણ આગળ કંઈક અભેદ વસ્તુ છે તેને લક્ષમાં લઈને તેનો અનુભવ કરવા માટે અંતરમાં ઊંડો ઊંડો ઉતરતો જાય છે. અને તે વાત શ્રીગુરુના મુખથી સાંભળવા માટે વિનયથી પૂછે છે કે પ્રભો! જ્ઞાનદર્શનચારિત્રના ભેદથી આત્માને લક્ષમાં લેવા જતાં ગુણગુણીભેદનો વિકલ્પ ઊઠે છે ને અશુદ્ધતાનો અનુભવ થાય છે, તો શું કરવું ?–શ્રી આચાર્યભગવાન પણ શિષ્યની અત્યંત નિકટ પાત્રતા દેખીને તેને શુદ્ધઆત્માનું સ્વરૂપ સમજાવે છે.....

(૧૦૪) સાધક સંતો આત્માના આનંદરસમાં લીન રહે છે. આત્મસ્થિરતા કેમ વધતી જાય તેની જ તેમને ધૂન છે....આત્મજ્ઞાની સંત ગૃહવાસમાં રહ્યા હોવા છતાં અંતરથી ઉદાસ....ઉદાસ હોય છે. અહો! તેમની અંતર્દશાની શી વાત!

(૧૦૫) અહો....ધન્ય એ પાવનભૂમિ વિપુલાચલ....આજથી ૨૫૦૬ વર્ષ પહેલાં એ તીર્થભૂમિ ઉપર તીર્થંકરદેવના ૐકારધ્વનિના નાદ ગૂંજતા હતા....ને ગણધરાદિ સંતો તે ઝીલીને પાવન થયા હતા. –એ પવિત્ર

પ્રસંગોનો મહાન દિવસ એટલે અષાડ વદ એકમ.–કેવળજ્ઞાન સાથે સંધિ કરીને ભવ્ય જીવો તેનો મહોત્સવ ઊજવે છે.

(૧૦૬) જીવે મુખ્યમાં મુખ્ય અને અવશ્યમાં અવશ્ય એવો નિશ્ચય રાખવો કે જે કાંઈ મારે કરવું છે તે આત્માને કલ્યાણરૂપ થાય તે જ કરવું છે.

(૧૦૭) 'ધર્મનું મૂળ સર્વજ્ઞ છે.' તે સર્વજ્ઞતાના નિર્ણયમાં ઘણી ગંભીરતા રહેલી છે. અહીં, દરેક આત્મામાં રહેલી સર્વજ્ઞત્વશક્તિ ઉપરના પ્રવચનમાં પૂ. ગુરુદેવશ્રીએ જૈનધર્મના અનેક મૂળભૂત રહસ્યો પ્રકાશિત કર્યા છે.

(૧૦૮) અરે મૂઢ! તું વ્યવહારના આશ્રયથી લાભ થવાનું માને છે, પણ વ્યવહારનો આશ્રય તો અનાદિથી તું કરી જ રહ્યો છે, છતાં કેમ કલ્યાણ ન થયું? માટે સમજ કે વ્યવહારના આશ્રયે કલ્યાણ થતું નથી. ભૂતાર્થ સ્વભાવના આશ્રયે જ કલ્યાણ થાય છે.....સંતોએ જીવોના કલ્યાણ અર્થે ફરી ફરીને એના જ આશ્રયનો ઉપદેશ આપ્યો છે.

(૧૦૯) કોઈ પૂછે કે પહેલાં અમારે શું કરવું?–તો જ્ઞાની કહે છે કે 'હું જ્ઞાનસ્વરૂપ છું' એવો અંતરમાં નિર્ણય કરીને તેનો અનુભવ કરવો.–આ જ જૈનશાસનમાં દરેક જીવનું પ્રથમ કર્તવ્ય છે.

(૧૧૦) "હું જ્ઞાનસ્વભાવ જ છું, મારા સ્વભાવમાં અંતમુર્ખ થઈને ઠરું તે જ મારી મુક્તિનો માર્ગ છે. એ સિવાય ક્યાંય બહાર જોવું પડતું નથી. કેવો સ્વાવલંબી, સરળ અને સહજ મુક્તિમાર્ગ!!– આવા સહજ મુક્તિમાર્ગે સ્વયં વિચરનારા અને જગતને તે પાવનમાર્ગ દેખાડનારા, હે સંતો! આપના પુનિત ચરણોમાં પરમ ઉલ્લાસભાવે નમસ્કાર હો!

(૧૧૧) જિનશાસન એટલે શું અને જિનશાસનને કોણે જાણ્યું કહેવાય તે વાત સમયસારની પંદરમી ગાથામાં અદ્ભુત રીતે વર્ણવી છે. તેમાં રહેલું જૈનશાસનનું અતિશય મહત્વનું રહસ્ય પૂ. ગુરુદેવશ્રીએ પ્રવચનમાં ખુલ્લું કર્યું છે. દરેક જિજ્ઞાસુઓએ તેમજ વિદ્વાનોએ આ ગાથાનું રહસ્ય ખાસ વિચારવા યોગ્ય છે.

(૧૧૨) ગમે તેવા સંયોગોમાં અને ગમે તેવી પ્રવૃત્તિમાં પડયો હોય તો પણ હમેશાં ચોવીસ કલાકમાંથી કલાક–બે કલાકનો વખત તો સ્વાધ્યાય–મનનમાં ગાળવો જ જોઈએ, અરે! છેવટમાં છેવટ.... ઓછામાં ઓછો પા કલાક તો હંમેશા નિવૃત્તિ લઈને એકાન્તમાં શાંતિપૂર્વક આત્માના સ્વાધ્યાય ને વિચાર કરવા જ જોઈએ. હંમેશ પા કલાક વાંચનવિચારમાં કાઢે તો પણ મહિનામાં સાડાસાત કલાક થાય; તથા હંમેશ હંમેશ સતનું સ્વાધ્યાય–મનન કરવાથી અંતરમાં તેના સંસ્કાર તાજા રહ્યા કરે અને તેમાં દ્રઢતા થતી જાય. ×× માટે આત્માર્થી જીવોએ.....'જાણે હું તો જગતથી છૂટો છું, જગતની સાથે મારે કાંઈ સંબંધ નથી, જગતના કોઈ કામનો બોજો મારા ઉપર નથી, હું તો અસંગ ચૈતન્યતત્ત્વ છું' આ પ્રમાણે, નિવૃત્ત થઈને ઘડી–બે ઘડી પણ પોતાના આત્માનું ચિંતન–મનન કરવું જોઈએ. (–રાત્રિચર્ચામાંથી)

(૧૧૩) અહો! આત્મભાવના કરીને સંતો નિજ સ્વરૂપમાં ઠરે ત્યાં જગતનું જોવા ક્યાં રોકાય? સંતોને તો આત્માની જ ધૂન લાગી છે, આત્માના આનંદની જ લગની લાગી છે....અશરીરી ચૈતન્યની ભાવના ભાવતાં ભવનો અભાવ થઈ જાય છે. પરની ભાવના ભાવવામાં તો ભાઈ! તારો અનંતકાળ ચાલ્યો ગયો....હવે આવા ચૈતન્યનો મહિમા જાણીને તેની ભાવના તો કર. એની ભાવનાથી તારા ભવના નીવેડા આવશે.

(૧૧૪) વ્યવહાર તો ફોતરાં જેવો છે, મૂળ પરમાર્થ વસ્તુ નિશ્ચય છે; જેઓ પરમાર્થ વસ્તુને જાણતા નથી, અને દયા–વ્રત વગેરે શુભ વ્યવહારમાં જ જેનો આત્મા અર્પાઈ ગયો છે તે પુરુષો અનાજને છોડીને ફોતરાં ખાંડે છે. જ્ઞાની તો અંતરમાં આત્માના પરમાર્થસ્વરૂપને જાણે છે, વ્રતાદિનો રાગ આવે તેને તે મોક્ષમાર્ગ માનતા નથી.

(૧૧૫) સોનગઢમાં માનસ્તંભ કરાવવાની

ભાવના ભક્તોના હૃદયમાં દસ દસ વર્ષોથી ઘોળાયા કરતી હતી. ફાગણ સુદ પાંચમે માનસ્તંભનો ઓર્ડર અપાયો...ચૈત્ર સુદ ૧૩ના મંગલદિને પાયો ખોદવાની શરૂઆત થઈ...વૈશાખ વદ સાતમે શિલાન્યાસ થયું.....બધા ભક્તજનો હાથોહાથ ચણતરકામ કરીને પોતાનો ઉલ્લાસ વ્યક્ત કરતા હતા. એ વખતે ભક્તોને માનસ્તંભની લગની લાગી હતી, વેગનના સમાચાર આવતાં આનંદ ફેલાઈ જતો; માનસ્તંભના નાના મોટા દરેક સામાનને ભક્તજનો બહુમાનપૂર્વક નીરખી નીરખીને જોતા. **××××** ચૈત્ર સુદ દસમનું પ્રતિષ્ઠામુહૂર્ત નિશ્ચિત થયું....એ મહોત્સવનો આનંદ–એનો મહિમા અદ્ભૂત હતો.... કોઈ કહે: "અમે વિદેહધામમાં આવ્યા હોઈએ એવું લાગે છે." ....મહોત્સવ વગેરેના ઉલ્લાસમય સંસ્મરણો સાંભળતા તે પણ એક મહાન સૌભાગ્ય છે.

(૧૧૬) આત્માના ભૂતાર્થ સ્વભાવના આશ્રયે જ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. 'પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય' એમ માનનારના અભિપ્રાયમાં અને અનાદિના મિથ્યાદ્રષ્ટિ જીવના અભિપ્રાયમાં કાંઈ ફેર નથી, બંને વ્યવહારમૂઢ છે.–આ સંબંધમાં દિગંબરમત અને શ્વેતાંબરમત વચ્ચે મોટો દ્રષ્ટિભેદ છે, તેનું પૂ. ગુરુદેવશ્રીએ ખાસ સ્પષ્ટીકરણ કર્યું છે. દરેક જિજ્ઞાસુ જીવોએ આ વિષય બરાબર સમજવો જરૂરી છે.

(૧૧૭) અહો, સમ્યગ્દર્શન તો જગતમાં અપૂર્વ અચિંત્ય મહિમાવંત ચીજ છે; સમ્યગ્દર્શન થતાં જ આખું પરિણમન ફરી જાય છે. જેને સમ્યગ્દર્શન થયું તેના ચૈતન્યઆંગણે મુક્તિના માંડવા નંખાયા. તેના આત્મામાં સિદ્ધભગવાનના સંદેશ આવી ગયા. આવું સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે શું ઉપાય છે–તે આ લેખમાં વાંચો.

(૧૧૮) મુનિદશાનો અલૌકિક મહિમા છે, અહો! મુનિવરો તો કેવળી પ્રભુના પાડોશી છે, તેઓ પંચ પરમેષ્ઠી પદમાં ભળી ગયા છે અને કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા છે,–જાણે હમણાં શ્રેણી માંડીને કેવળજ્ઞાન લીધું કે લેશે એવી તેમની આત્મજાગૃતિ છે. એ ધન્યદશામાં દુઃખ કે કલેશ નથી પણ સિદ્ધ ભગવાન જેવો અપૂર્વ મહાઆનંદ છે. અહો, ધન્ય તે મુનિવરા! સંયમસુધાસાગરમાં ઝૂલતા એ સંતોને નમસ્કાર હો.

(૧૧૯) ભગવાનની દિવ્ય વાણી તો અમોઘ વાણી છે, તે કદી ખાલી જાય નહીં...તે વાણી ઝીલીને ધર્મવૃદ્ધિ કરનાર જીવો જરૂર હોય જ. વાણી કાને પડતાં જ પાત્ર શ્રોતાને તો એમ થાય કે અહો! મને આવી અપૂર્વ વાણી મળી છે તો હું નક્કી મારી પાત્રતાથી સમજીને અલ્પકાળમાં મુક્ત થઈશ. આ પ્રમાણે જે ઊંડેથી હા પાડીને યથાર્થ વાત સમજી જાય તેવા જ શ્રોતા અહીં લીધા છે....એવા શ્રોતા ધન્ય છે, તેનું જરૂર કલ્યાણ થઈ જાય છે.

(૧૨૦) આજે આ અંકની સાથે 'આત્મધર્મ' ના દસ વર્ષ પૂરા થાય છે.....આ પ્રસંગે સર્વે જિજ્ઞાસુઓને હૃદયપૂર્વક એટલું જ કહેવાનું કે આત્મધર્મમાં જે કાંઈ આવતું હોય તે, આ કાળે તીર્થંકર ભગવંતોના વારસાની એક અમૂલ્ય ભેટ પૂ. ગુરુદેવ આપણને આપી રહ્યા છે–એમ સમજીને, ગુરુદેવ પ્રત્યે અતિશય ભક્તિ અને અર્પણતાપૂર્વક તેનું સ્વાધ્યાય મનન કરીને તેને અંતરમાં પરિણમાવવાનો પ્રયત્ન કરો.

(૧૨૧) **'હે સખા! ચાલને મારી સાથે મોક્ષમાં!'** –અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા મુનિરાજ પોતે તો અંતર્સ્વરૂપના અવલંબને મોક્ષને સાધી રહ્યા છે ને શ્રોતાને પણ કહે છે કે હે સખા! તું પણ ચાલને મારી સાથે!! અમારો શ્રોતા અમારાથી જુદો રહી જાય–એ કેમ બને?

(૧૨૨) સર્વ જિનશાસનનો સાર શું? કે જ્ઞાનસ્વરૂપ શુદ્ધઆત્મા તે સર્વ જિનશાસનનો સાર છે. આત્માનો સ્વભાવ શું, વિકાર શું, અને પર શું,–એ ત્રણેને જાણીને, વિકાર અને પરથી ભિન્ન એવા શુદ્ધઆત્મસ્વભાવમાં અંતર્મુખ થઈને એકાગ્ર થવું તે જૈનશાસન છે. જેણે શુદ્ધઆત્માને જાણ્યો તેણે સર્વ જિનશાસનને જાણ્યું છે.

(૧૨૩) ઘણા લોકો પૂછે છે કે મનુષ્યની ફરજ શું?–માનવધર્મ શું? તેના ઉત્તરમાં ગુરુદેવ કહે છે કે અરે ભાઈ! સૌથી પહેલાં તો 'હું મનુષ્ય છું' એવી માન્યતા તે જ મોટો ભ્રમ છે. મનુષ્યપણું તે તો સંયોગી પર્યાય છે,–જીવ–પુદ્ગલના સંયોગરૂપ અસમાન જાતીય પર્યાય છે, તે આત્માનું સ્વરૂપ નથી. મનુષ્યપર્યાય તે હું નથી, હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા છું–એમ સમજવું તે આત્માની પહેલી ફરજ છે, ને તે પહેલો ધર્મ છે. મનુષ્યભવ પામીને કરવા જેવું હોય તો એ જ છે. આ સિવાય 'હું મનુષ્ય જ છું' એમ માનીને જે કાંઈ ક્રિયાકલાપ કરવામાં આવે તે બધોય વ્યવહારમૂઢ અજ્ઞાની જીવોનો વ્યવહાર છે.

(૧૨૪) જૈનધર્મનો ક્રમ એ છે કે પહેલાં સમ્યગ્દર્શન હોય ને પછી જ સમ્યક્ચારિત્ર હોય; અને તે સમ્યગ્દર્શન પણ નિશ્ચયસ્વભાવના અવલંબને જ થાય. તેને બદલે જે સમ્યગ્દર્શન વગર ચારિત્ર માને, અથવા તો પહેલાં વ્યવહાર કરતાં કરતાં તેનાથી નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાન થઈ જશે–એમ માને તેઓ જૈનધર્મના ક્રમને જાણતા નથી.

(૧૨૫) 'અહો! આ પરથી ભિન્ન મારા જ્ઞાયકતત્ત્વની વાત છે, મારા જ્ઞાયકતત્ત્વની પ્રતીત કરવામાં કોઈ રાગનું અવલંબન છે જ નહિ'–આવા લક્ષપૂર્વક એટલે કે સ્વભાવના ઉલ્લાસપૂર્વક એક વાર પણ જે જીવ આ વાત સાંભળે તે ભવ્ય જરૂર અલ્પકાળમાં મુક્તિ પામે છે.

(૧૨૬) કોઈ કહે કે અમે પુરુષાર્થ તો ઘણો કરીએ છીએ પણ સમકિત થતું નથી.–તો જ્ઞાની કહે છે કે અરે ભાઈ! તારી વાત જૂઠી છે. યથાર્થ કારણ આપે અને કાર્ય ન આવે એમ બને નહિ. જો કાર્ય નથી પ્રગટતું તો સમજ કે તારા પ્રયત્નમાં ભૂલ છે. સમ્યગ્દર્શન થવાની જે રીત છે તે રીતે અંતરમાં યથાર્થ પ્રયત્ન કરે અને સમ્યગ્દર્શન ન થાય–એમ બને જ નહિ.

(૧૨૭) સુપ્રભાતના પ્રકાશમાં મેરુ ઉપર બિરાજમાન પ્રભુજીનું દ્રશ્ય અત્યંત ભવ્ય લાગતું હતું. એ વખતે ભગવાનને નીરખતાં એમ થતું હતું કે અહો, નાથ! ધન્ય આપનો અવતાર! ધન્ય આપનો જન્મ! આ અવતારમાં જ આત્માના પૂર્ણ હિતને સાધીને આપ તીર્થંકર થશો....ને જગતના અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કરશો. આ આપનો છેલ્લો અવતાર છે. એ બાલ–પ્રભુજીને નીરખતાં ભક્તોને બહુ આનંદ થતો હતો.

(૧૨૮) હે જીવ! એક ક્ષણ પણ તારા સ્વરૂપનો વિચાર કર! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માના ચિંતવન સિવાય બીજા પદાર્થોની ચિંતા વ્યર્થ છે. દેહથી ભિન્ન મારું ચિદાનંદ સ્વરૂપ શું છે તેનો હે જીવ! તું વિચાર કર.

(૧૨૯) **સ્વરૂપની પ્રાપ્તિ સુગમ છે;**
**પરને પોતાનું કરવું અશક્ય છે.**

(૧૩૦) જેણે પોતાના જ્ઞાનાનંદસ્વભાવની સન્મુખ થઈને તેની સમ્યક્ પ્રતીતિ કરી–જ્ઞાન કર્યું ને તેમાં એકાગ્રતા કરી તેણે કરવાયોગ્ય અપૂર્વ કાર્ય કર્યું તેથી તે કૃતકૃત્ય થયો....હે ભાઈ! એક વાર તો અંતર્મુખ થઈને સ્વભાવનો નિર્ણય કર, અને અનંતકાળમાં નહિ કરેલ એવું અપૂર્વ કાર્ય પ્રગટ કર.

(૧૩૧) 'ઉપયોગ સ્વરૂપ આત્મા' અને 'ક્રોધાદિ સ્વરૂપ આસ્રવો' એ બંનેનું યથાર્થ ભેદજ્ઞાન થતાં જીવ પોતાના ઉપયોગસ્વરૂપ આત્મામાં જ એકતા કરીને પોતાના શુદ્ધ ઉપયોગભાવને જ કરે છે, પરંતુ શુદ્ધ ઉપયોગ સિવાય ક્રોધાદિ ભાવોને પોતામાં જરાપણ કરતો નથી, તેથી તેને તે ક્રોધાદિકનો સંવર થાય છે.–આ રીતે ભેદજ્ઞાનથી જ જીવને સંવર થાય છે માટે તે ભેદજ્ઞાન અત્યંત પ્રશંસનીય છે. આવા ભેદજ્ઞાન સિવાય અજ્ઞાની જીવ ગમે તેટલાં વ્રતાદિક કરે તો પણ તે પ્રશંસનીય નથી.

(૧૩૨) 'અહો! અંતરમાં પરમ ચૈતન્યતત્ત્વ છે તેને જગતના જીવો સમજે ને આત્માના આનંદની સન્મુખ થાય?" –આવો સંતોને વિકલ્પ ઉઠયો....

જ્ઞાનને અંતર્મુખ કરીને અંદરથી ચૈતન્યનો ઝણઝણાટ આવ્યો ત્યાં ચૈતન્યતત્ત્વ લક્ષમાં આવે છે ને તેનો અપૂર્વ આનંદ અનુભવમાં આવે છે.–માટે હે જીવ! શુદ્ધ ચૈતન્યતત્ત્વ ઉપર જ લક્ષનું જોર આપીને તેને ધ્યેય બનાવજે.

(૧૩૩) પોતાના સર્વજ્ઞ સ્વભાવની પ્રતીત કરીને ભગવાનના ભક્તો કહે છે કે હે ભગવાન! આપ તો આત્માના અતીન્દ્રિય આનંદના પૂર્ણ ભોક્તા થઈ ગયા ને અમારા માટે પણ આપ થોડો પ્રસાદ મૂકતા ગયા છો. હે ભગવાન! આપની પ્રસન્નતાથી અમને પણ આપના અતીન્દ્રિય આનંદની પ્રસાદી મળી છે.....આમ સમકિતી ભક્તિપૂર્વક ભગવાનના આનંદનો પ્રસાદ માને છે.

(૧૩૪) આત્માના અતીન્દ્રિયસુખને સ્પર્શીને બહાર આવતી, ભેદજ્ઞાનનો ઝણઝણાટ કરતી, અને મુમુક્ષુઓનાં હૈયાને ડોલાવી મૂકતી. પૂ. ગુરુદેવની પાવનકારી વાણીમાં 'જ્ઞાયક સન્મુખ લઈ જનારાં ક્રમબદ્ધ પર્યાયનાં પ્રવચનો' ની જે અદ્‌ભૂત અમૃતધારા એક સપ્તાહ સુધી વરસી, તે ગયા અંકમાં આપી ગયા છીએ.....ત્યાર પછી....બીજીવાર...એવીજ અમૃતધારા.....વરસી......એ અમૃતધારા અહીં (અંક ૧૩૪–૩૫માં) આપવામાં આવી છે.

(૧૩૫) જ્ઞાયકસ્વભાવના નિર્ણયના પુરુષાર્થવડે જ ક્રમબદ્ધ પર્યાયનું સ્વરૂપ યથાર્થપણે સમજાય છે. જે જીવ જ્ઞાયક સ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ નથી કરતો તેને ક્રમબદ્ધ પર્યાયનો પણ નિર્ણય થતો નથી. આ રીતે જ્ઞાનસ્વભાવ તરફથી શરૂઆત કરે તો જ આ વાત યથાર્થ સમજાય તેવી છે. અને આ રીતે જે જીવ યથાર્થપણે આ વાત સમજશે તેને આત્મહિતનો મહાન લાભ થશે...... .... ....... પંચપરમેષ્ઠી ભગવાન જ અમારા 'પંચ' છે. અજ્ઞાનીઓ બીજું વિપરીત માને તો ભલે માને, પણ અહીં તો પંચપરમેષ્ઠી ભગવંતોને પંચ તરીકે રાખીને આ વાત કહેવાય છે. જેને પંચપરમેષ્ઠી પદમાં ભળવું હોય તેણે આ વાત માન્યે છૂટકો છે.

(૧૩૬) ઘણા લોકો રોજ **'णमोक्कार मंत्र'** બોલી જાય છે, પણ તે **णमोक्कार मंत्र**માં જે પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યા છે તેમનું સ્વરૂપ તો ઓળખતા નથી. જેમને પોતે નમસ્કાર કરે છે. તેમનું સ્વરૂપ જાણ્યા વગર પ્રયોજનની સિદ્ધિ ક્યાંથી થાય? હું કોને નમસ્કાર કરું છું ને શા માટે નમસ્કાર કરું છું–તે ઓળખે તો પ્રયોજનની સિદ્ધિ થાય.

(૧૩૭) હે ભાઈ! જગતના લોકો ભેગા થઈને તારી પ્રશંસા કરે કે અભિનન્દન–પત્ર આપે એમાં તારા આત્માનું કાંઈ હિત નથી; પણ પોતાના ચિદાનંદસ્વભાવની અભિમુખ જઈને તેના અતીન્દ્રિય–આનંદનો અનુભવ કરવો તે આત્માનું સાચું અભિનન્દન છે, અને તેમાં જ તારું હિત છે.

(૧૩૮) પરમ પ્રભાવક પૂજ્ય ગુરુદેવના પુનિત પ્રતાપે તીર્થધામ સોનગઢમાં ત્રેસઠ ફૂટ ઊંચો ભવ્ય માનસ્તંભ થયો; આ માનસ્તંભની ભવ્યતા નીરખતાં ભક્તજનોને અતિ આનંદ થાય છે અને અંતરમાં એવી ઊર્મિ જાગે છે કે અહો! જાણે મહાવિદેહના જ માનસ્તંભના દર્શન થયા......આ પાવન માનસ્તંભની છાયામાં આવતાં જ શાંત–શાંત લહરીઓથી હૃદય અત્યંત વિશ્રાંતિ પામે છે.. ..... જેનાં દર્શન થતાં જ ભક્તિથી નમ્રીભૂત થઈને હૃદય પોકારી ઊઠે છે કે અહો! ધન્ય એ જિનેન્દ્રવૈભવ! ધન્ય એ માનસ્તંભ! ધન્ય એ મહોત્સવ!

(૧૩૯) હે જીવ! જો તારે આનંદમૂર્તિ આત્મા જોઈતો હોય તો આખા સંસારને 'હરામ' કર, કે મારે હવે સંસાર સ્વપ્ને પણ જોઈતો નથી. અરે, હવે આ દુઃખમય સંસારથી બસ થાવ....બસ થાવ! હવે મારે આ સંસાર ન જોઈએ;–આમ સંસારની રુચિ છોડીને આત્માને ઝંખતો જે જીવ આવે છે તેને આત્મા મળશે.

(૧૪૦) શુદ્ધ ઉપયોગના પ્રસાદથી જીવ પોતે જ સ્વયમેવ સ્વભાવથી પરિણમીને કેવળજ્ઞાનરૂપ થાય છે, તેથી તે 'સ્વયંભૂ' છે. તેની પ્રશંસા કરીને

આચાર્યદેવ સમજાવે છે કે હે જીવ! શુદ્ધ આત્મસ્વભાવની પ્રાપ્તિ માટે તારા સ્વભાવ સિવાય બીજા કોઈ સાધનો સાથે તારે ખરેખર સંબંધ નથી. તારા ધર્મને માટે શુદ્ધ અનંતશક્તિવાળો તારો જ્ઞાનસ્વભાવ જ સાધન છે.

(૧૪૧) હે ધર્મી જીવો! હે મોક્ષાર્થી જીવો! જો આત્માની શાંતિ જોઈતી હોય ને ભવના ફેરાથી છૂટવું હોય તો શુદ્ધ દ્રવ્યનો આશ્રય કરીને મોક્ષમાર્ગમાં આરોહણ કરો.

(૧૪૨) જેને શુદ્ધ આત્મા સમજવાની ધગશ જાગી છે એવા જિજ્ઞાસુ જીવને પ્રશ્ન ઊઠે છે કે શુદ્ધ આત્માનું કેવું સ્વરૂપ છે?–આત્મા સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહીં; પોતાની ધગશના બળે અંતરમાં માર્ગ કરીને તે આત્મસ્વરૂપને પામે જ.

(૧૪૩) સાધકદશામાં નિશ્ચયની સાથે સાથે વ્યવહાર પણ હોય છે, છતાં સાધકનું (અને સર્વે શાસ્ત્રોનું) તાત્પર્ય તો વીતરાગભાવ જ છે, ને તે વીતરાગભાવ નિશ્ચયના આશ્રયે જ થાય છે, માટે નિશ્ચયના આશ્રયે જ ખરેખર મોક્ષમાર્ગ છે; સાધકને શુભરાગરૂપ વ્યવહાર હોય છે પણ તે ખરેખર મોક્ષમાર્ગ નથી, તેને મોક્ષમાર્ગ તરીકે કહેવો તે તો માત્ર ઉપચાર છે.

* રે ભાઈ! તને એમ નથી લાગતું કે આત્મામાં અંદર જોતાં શાંતિનું વેદન થાય છે ને બહારમાં દ્રષ્ટિ કરતાં અશાંતિ વેદાય છે! માટે નક્કી કર કે શાંતિનું–સુખનું–આનંદનું ક્ષેત્ર તારામાં જ છે, તારાથી બહાર ક્યાંય સુખ–શાંતિ કે આનંદ નથી....નથી... ને નથી.

(૧૪૪) સર્વજ્ઞનો હુકમ છે કે હે જીવ! જો તારે ખરેખર મારો આદર કરવો હોય તો તું જ્ઞાનસ્વભાવનો આદર કર.....ને રાગનો આદર છોડ......જે જીવે પોતાના જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને સમ્યક્શ્રદ્ધાજ્ઞાન પ્રગટ કર્યા છે તે જીવ સર્વજ્ઞ થવાના માર્ગે ચડયો છે, ને તેણે જ ખરેખર સર્વજ્ઞદેવનો હુકમ માન્યો છે.

(૧૪૫) ૨૪૮૧ વર્ષ પહેલાં પાવાપુરીધામમાં વર્દ્ધમાન ભગવાન અભૂતપૂર્વ સિદ્ધપદને પામ્યા... ભવ્ય જીવોનું પરમ ઇષ્ટ અને અંતિમ ધ્યેય એવા મોક્ષપદને ભગવાન પામ્યા. 'અહો! આજે ભગવાન અનાદિ સંસારથી મુક્ત થઈને સાદિ–અનંત સિદ્ધપદને પામ્યા, ને ભગવાનના યુવરાજ ગૌતમ ગણધર કેવળજ્ઞાન પામ્યા'–એ સાંભળીને કયા મુમુક્ષુનું હૈયું આનંદથી ન નાચી ઊઠે? અહો ભગવાન! સ્વાશ્રયવડે આપ જ્ઞાનસંપદાને પામ્યા, અને અમને પણ જ્ઞાનસંપદાની પ્રાપ્તિનો જ ઉપદેશ આપીને આપ મુક્તિપુરીમાં સીધાવ્યા....હે પ્રભો! અમે તે ઉપદેશ ઝીલીને, જ્ઞાનસંપદા તરફ ઝૂકીને, આપને નમસ્કાર કરીએ છીએ, ને આપના પંથે......આપના પુનિત પગલે આવીએ છીએ.

**"પ્રભુજી! તારા પગલે પગલે મારે આવવું રે....."**

(૧૪૬) વૈશાખ સુદ બીજે રાત્રિચર્ચામાં પૂ. ગુરુદેવે આત્માના છૂટકારાની ઉલ્લાસભરી વાર્તા કીધીઃ અહો જે આત્મા છૂટકારાના માર્ગે ચડયો તેના પરિણામ ઉલ્લાસરૂપ હોય છે.....ને તેને છૂટકારાનાં જ વિકલ્પો આવે છે....સ્વપ્નાં પણ એનાં જ આવે....છૂટકારાના પ્રસંગ પ્રત્યે જ એનું વલણ જાય..... ભવબંધનથી છૂટકારાનો અપૂર્વ પ્રસંગ આવતાં ક્યાં મોક્ષાર્થીની પરિણતિ આનંદથી ઉલ્લસિત ન બને?

(૧૪૭) સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે વીતરાગી શુદ્ધભાવ તે જ મોક્ષનું કારણ છે, અને તે શુદ્ધભાવની પ્રાપ્તિ જૈનશાસનમાં જ છે, તેનાથી જ જૈન શાસનનો મહિમા છે. એ સિવાય રાગ તે જૈનધર્મ નથી, ને તેના વડે જૈનશાસનનો મહિમા નથી.

(૧૪૮) "આત્મા તો જ્ઞાન છે. આ દેહ......શ્વાસ ને આકુળતા–એ ત્રણેથી જુદો આત્મા જ્ઞાન...

દર્શન...ને આનંદ–એ ત્રણ સ્વરૂપ છે....એનું લક્ષ રાખવું...” (પૂ. ગુરુદેવ)

**આતમરામ અવિનાશી આવ્યો એકલો...**
**જ્ઞાન અને દરશન છે એનું રૂપ જો....**
**બહિર્‌ભાવો તે સ્પર્શે નહીં આત્મને.....**
**ખરેખરો એ જ્ઞાયક વીર ગણાય જો....**

**(-પૂ. બેનશ્રી બેન)**

(૧૪૯) આહા! જૈનધર્મ શું ચીજ છે તેની વાતો લોકોએ યથાર્થ સાંભળી પણ નથી. એક ક્ષણ પણ જૈનધર્મ પ્રગટ કરે તો અનંત ભવનો ‘કટ’ થઈ જાય, ને આત્મામાં મોક્ષની છાપ પડી જાય,–મુક્તિની નિઃશંકતા થઈ જાય.–આવો જૈનધર્મ છે; માટે હે ભવ્ય! ભવના નાશ માટે તું આવા જૈનધર્મને ભાવ.

**આ છે જૈનશાસનનો મુદ્રાલેખ-**
**“દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ”**

(૧૫૦) લૌકિક જનો પુણ્યને ધર્મ માને છે પણ તે ધર્મ છે નહિ.–જ્યાં સુધી શુદ્ધ આત્માને શ્રદ્ધા–જ્ઞાનમાં ન લ્યે ત્યાંસુધી આ શરમભરેલા જન્મ–મરણ થી છૂટકારો ન થાય.

(૧૫૧) હે વત્સ! તારો આનંદ તારામાં જ શોધ! તારો આનંદ તારામાં છે, તે બહાર શોધવાથી નહિ મળે. તારું આખું દ્રવ્ય જ સર્વપ્રદેશે આનંદથી ભરેલું છે,–તેને દેખ, તો તને તારા આનંદનો અપૂર્વ અનુભવ થાય. પોતાનો આનંદ પોતામાં જ છે એમ જાણીને, હે જીવ! તું આનંદિત થા.....આત્મા પ્રત્યે ઉલ્લસિત થા.

(૧૫૨) શિષ્યને શ્રીગુરુએ જે કહ્યું તેની ધૂન લાગી છે, નિરંતર તેની ઝંખના લાગી છે, ચોવીસે કલાક વારંવાર તેનું ચિંતવન કરે છે, આત્માને પ્રાપ્ત કરવાની ધૂન થઈ ગઈ છે, તેની જ ચાહ છે, અને તે જરૂર આત્માને પ્રાપ્ત કરે છે.

(૧૫૩) જો નિશ્ચયનય અનુસાર વસ્તુસ્વરૂપ જાણીને પરથી ભિન્નતા ને સ્વમાં એકતા (એકત્વવિભક્તપણું) કરે તો જ જીવનું હિત થાય છે, માટે જે જીવ આ પ્રમાણે સમજે તે જ સર્વજ્ઞવીતરાગ દેવના હિતોપદેશને સમજ્યો છે, ને તેનું જ હિત થાય છે.

(૧૫૪) સૌથી પહેલાં જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવા ઉપર ખાસ ભાર મૂકીને પૂ. ગુરુદેવ કહે છે કે–

‘હું જ્ઞાનસ્વભાવ જ છું’ એવા નિર્ણય વગર કેવળજ્ઞાનીના આત્માને કે સંતોના આત્માને ખરેખર ઓળખી શકાય નહીં. એક વાર તો જ્ઞાનસ્વભાવનો એવો દ્રઢ નિર્ણય થઈ જવો જોઈએ કે બસ! પછી વીર્યનો વેગ સ્વ તરફ જ વળે.

(૧૫૫) એક વધામણી!!!

ભક્તજનોને વધામણી આપતાં આનંદ થાય છે કે તીર્થાધિરાજ શ્રી સમ્મેદશિખરજીની યાત્રાએ જવાના નિર્ણયની જાહેરાત પરમપૂજ્ય ગુરુદેવ આ (વીર સં. ૨૪૮૨ ના) શ્રાવણ સુદ એકમના રોજ કરી દીધી છે. xxx ઉપર્યુક્ત વધામણી સાંભળતાં સૌ ભક્તજનોને ઘણો જ હર્ષ થયો. હતો xxx પૂ. ગુરુદેવની સાથે સાથે શાશ્વત સિદ્ધિધામને ભેટવાની ભાવનાથી ભક્તજનોનાં હૈયા થનગની રહ્યાં છે.

(૧૫૬) અમારા સાધર્મી બંધુઓને એક મહાન સમાચાર દેતાં અમને અત્યંત હર્ષ થાય છે કે, આ દસલક્ષણી પર્યુષણ પર્વના પહેલા દિવસે ભાદરવા સુદ પાંચમ ને રવિવારના શુભ દિને, પરમપૂજ્ય સદ્‌ગુરુદેવના ઉપદેશથી પ્રભાવિત થઈને ૧૮થી ૨૬ વર્ષની નાની નાની ઉંમરના ૧૪ કુમારિકા બહેનોએ આજીવન બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા અંગીકાર કરી છે......આ બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા જે ઉદ્દેશથી ધારણ કરવામાં આવી છે તેની ખાસ મહત્તા છે....

હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાંખ.....ને આત્મામાં ગમાડ! આત્મામાં આનંદ ભર્યો છે એટલે ત્યાં જરૂર ગમશે.......

બસ! બંને સાધક સખીઓનું મિલન થયું.....પૂ. ગુરુદેવની છાયામાં બંને બહેનો એકબીજાના જીવનમાં એવા ગુંથાઈ ગયા–જાણે કે શ્રદ્ધા અને શાંતિનું મિલન થયું! ...જાણે કે વૈરાગ્ય અને ભક્તિનું મિલન થયું! ....જાણે કે આનંદ અને જ્ઞાનનું મિલન થયું!

(૧૫૭) **સમયસારની** પાંચમી ગાથામાં આચાર્ય કુંદકુંદ સ્વામી કહે છે કે–સર્વજ્ઞ ભગવાનથી માંડીને અમારા ગુરુપર્યંતના પર–અપર ગુરુઓએ અનુગ્રહપૂર્વક અમને ઉપદેશ આપ્યો....શું ઉપદેશ આપ્યો ?–'**શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો.**' ભગવાને અને સંતોએ પ્રસન્ન થઈને–અમને સ્વીકારીને–અનુગ્રહપૂર્વક પ્રસાદીરૂપે જે શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો તે જ અમે અમારા નિજવૈભવથી અહીં દર્શાવીએ છીએ.

(૧૫૮) તીર્થંકરો અને સંતોના પુનિત ચરણોથી પાવન થયેલી ભૂમિમાં જ્ઞાનીઓ જ્યારે તીર્થયાત્રા કરવા જાય છે ત્યારે તેમને એમ નથી લાગતું કે અમે પરદેશમાં આવ્યા છીએ; પણ તેમને તો એવા ભાવો ઉલ્લસે છે કે અહો! આ તો અમારા ધર્મપિતાનો દેશ! અમે અમારા ધર્મપિતાના આંગણે આવ્યા છીએ. હે નાથ! આપ અમારા ધર્મપિતા છો.....અમે આપના પુત્ર છીએ.....આપના પગલે પગલે આપના પુનિત પંથે સિદ્ધિધામમાં આવીએ છીએ.

(૧૫૯) કોની આરાધના કરવી ?

આ ચૈતન્યસ્વરૂપી આત્મા પોતે અનંત શક્તિવાળો દેવ છે, પોતે જ પોતાનો પરમેશ્વર છે, પોતે દર્શન–જ્ઞાન–આનંદથી પરિપૂર્ણ છે તે જ આરાધ્ય છે; માટે તેની સન્મુખ થઈને તેની જ આરાધના કરવી. તેની આરાધનાનું ફળ મોક્ષ છે.

(૧૬૦) **પ્રશ્નઃ**- કાન હોવા છતાં બહેરો કોણ ?

**ઉત્તરઃ**- આત્મસ્વરૂપની વાર્તા ન સાંભળે તે.

**પ્રશ્નઃ**- આંખ હોવા છતાં આંધળો કોણ ?

**ઉત્તરઃ**- જિનેન્દ્રદેવના દર્શન ન કરે તે.

**પ્રશ્નઃ**- શાસ્ત્ર ભણ્યો હોવા છતાં મૂર્ખ કોણ ?

**ઉત્તરઃ**- જૈ ચૈતન્યતત્ત્વને ન જાણે તે.

**પ્રશ્નઃ**- આળસુ કોણ ?

**ઉત્તરઃ**- જે તીર્થયાત્રા ન કરે તે.

**પ્રશ્નઃ**- વિદ્વાન કોણ ?

**ઉત્તરઃ**- જે આત્મવિદ્યાને જાણે તે.

(૧૬૧) **ફાગણ સુદ સાતમઃ** રાત્રે બે વાગતાં તો પૂ. ગુરુદેવ તૈયાર થઈ ગયા....ને સિદ્ધ ભગવંતોને યાદ કરીને, એ શાશ્વત સિદ્ધિધામની યાત્રાનો મંગલ પ્રારંભ કર્યો....પહેલી ટૂંકે ગુરુદેવે સ્તવન ગવડાવ્યું હતું....વચ્ચે કહ્યું કેઃ જુઓ, અહીંથી અનંતા તીર્થંકરો ને મુનિઓ મોક્ષ પધાર્યા છે, તે અનંતા સિદ્ધભગવંતો અત્યારે ઉપર બિરાજી રહ્યા છે.......××× આજે આ મહામંગળ પ્રસંગ છે......આ ભૂમિ મંગળ છે, આ કાળ પણ મંગળ છે....મોક્ષ પામનાર દ્રવ્ય પણ મંગળ છે....ને આજનો ભાવ પણ મંગળ છે....ગુરુદેવ સિદ્ધભગવંતોનો મહિમા ભક્તજનોને સમજાવતા હતા....ને "આવા સિદ્ધભગવંતોને તમારા હૃદયમાં સ્થાપીને તેમનું ધ્યાન કરો."–એવી પ્રેરણા ભક્તોના હૃદયમાં જગાડતા હતા...તીર્થધામ હજારો ભક્તોથી ઉભરાઈ ગયું હતું.....ગુરુદેવે સુપાર્શ્વપ્રભુના ચરણકમળનો ભાવપૂર્વક અભિષેક કર્યો. છેલ્લી પ્રાર્શ્વનાથ ભગવાનની ટૂંકે પણ બે સ્તવનો ભક્તિપૂર્વક ગવડાવ્યા.....છેલ્લે પૂ. બેનશ્રીબેને એક સ્તવન ગવડાવ્યું.....આ રીતે ઘણા આનંદ અને જયકારપૂર્વક પૂ ગુરુદેવની સંઘસહિત શાશ્વત તીર્થધામની યાત્રા પૂર્ણ થઈ.

(૧૬૨) બે માણસો ભેગા થાય ત્યાં પૂછે છે કે "ક્યાં રહેવું ?" તેમ અહીં આત્માને કોઈ પૂછે કે

“ક્યાં રહેવું?” તો જ્ઞાની કહે છે કે “અમારા નિજ ધર્મોમાં રહેવું.”

(૧૬૩) મહાપુરુષોએ એમ જોયું કે આત્મામાં જ સુખ છે. સંયોગમાં સુખ નથી; તેથી સંયોગ તરફનું વલણ છોડીને તેઓ સ્વભાવમાં એકાગ્ર થયા. સ્વભાવ તરફની એકાગ્રતા તે સુખની જનેતા છે.

(૧૬૪) રાજગૃહી નગરીમાં......પૂ. ગુરુદેવે......વિપુલાચલ ઉપર વીરપ્રભુના સમવસરણના અને દિવ્ય ધ્વનિના ધામને હૃદયની ઊંડી ઊર્મિઓપૂર્વક નજરે નીહાળ્યા.....દિવ્યધ્વનિ છૂટવાના એ ધન્ય પ્રસંગને યાદ કરીને ભાવભીની અદ્‌ભુત ભક્તિ કરી.......જે ભૂમિમાં આત્માના જ્ઞાન–આનંદને પામેલા જીવો વિચર્યા તે ભૂમિને જોતાં આત્માના જ્ઞાન–આનંદનું સ્મરણ જાગે છે.

“અનંત ચોવીસીના તીર્થંકરો અને આચાર્યોએ સત્ય દિગંબર જૈનધર્મને અર્થાત્ મોક્ષમાર્ગને પ્રગટ કરનારો જે સંદેશ સંભળાવ્યો તે જ આમની (કાનજીસ્વામીની) વાણીમાં આપણા સાંભળવામાં આવી રહ્યો છે.....આમની વાણીમાં તીર્થંકરોનું અને કુંદકુંદસ્વામીનું જ હૃદય હતું....આપની દ્રષ્ટિથી જે પ્રતિપ્રાદિત થાય છે તે જગતને માટે કલ્યાણકારી છે.”

(–મધુવનમાં ઈંદોરના પંડિત શ્રી બંસીધરજી સિદ્ધાંતશાસ્ત્રીના ભાષણમાંથી)

(૧૬૫) રે જીવ! તું બાહ્ય વિષયોમાં સુખ માનીને ત્યાં જ આસક્ત થાય છે, પરંતુ “આત્મા” પણ એક વિષય છે,–એને તું કેમ ભૂલી જાય છે?–જેને લક્ષમાં લેતાં અતીન્દ્રિય આનંદનું વેદન થાય–એવા પરમ શાંત આનંદસ્વરૂપ સ્વવિષયને છોડીને દુઃખદાતાર એવા પરવિષયોમાં જ તું કાં રાચી રહ્યો છે?–સ્વવિષયમાં એકાકાર થતાં જ તને એમ થશે કે ‘અહો, આવો મારો આત્મા!–અને પછી આ સ્વવિષયના અતીન્દ્રિય આનંદના સ્વાદ પાસે જગતના બધા વિષયો તને અત્યંત તૂચ્છ લાગશે.

(૧૬૬) આ જિનાગમનો પ્રસિદ્ધ ઢંઢેરો છે કે મોક્ષ માટે જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ કરો..... તે અનુભૂતિ જ ભગવાને મોક્ષનું કારણ ફરમાવ્યું છે.

(૧૬૭) જે ધર્મી છે અથવા ધર્મનો ખરો જિજ્ઞાસુ છે તેને જગત કરતાં આત્મા વહાલો છે, આત્મા કરતાં જગતમાં કાંઈ તેને વહાલું નથી. જેમ ગાયને પોતાના વાછરડાં પ્રત્યે, અને બાળકને પોતાની માતા પ્રત્યે કેવો પ્રેમ હોય છે? તેમ ધર્મીને પોતાના રત્નત્રયસ્વભાવરૂપ મોક્ષમાર્ગ પ્રત્યે અભેદબુદ્ધિથી પરમ વાત્સલ્ય હોય છે.

(૧૬૮) સભામાં હાજર હોવા છતાં જે શ્રોતાનો ઉપયોગ શ્રવણમાં નથી જોડાતો ને બીજે બહારમાં ઉપયોગ ભમે છે તે શ્રોતાનો આત્મા ગેરહજાર છે. તેનું શરીર અહીં બેઠું છે પણ આત્માનો ઉપયોગ તો બીજે ભમે છે, તેથી તે હાજર છતાં ગેરહાજર છે.

(૧૬૯) **પ્રશ્નઃ-** પ્રજ્ઞા છીણીવડે આત્મા અને બંધનું ભેદજ્ઞાન કરતાં શું થાય?

**ઉત્તરઃ-** પ્રજ્ઞા છીણીવડે ભેદજ્ઞાન કરતાં જ આત્મામાં મોક્ષના સંદેશા આવી જાય, આત્મામાં સિદ્ધ ભગવાન જેવા પરમ આનંદનો નમૂનો આવી જાય.

(૧૭૦) એ નાનકડો રાજકુંવર જ્યારે દીક્ષા લઈને મુનિ થાય, એક હાથમાં નાનકડું કમંડળ ને બીજા હાથમાં મોરપીંછી લઈને નીકળે,–ત્યારે તો અહા! જાણે નાનકડા સિદ્ધભગવાન ઉપરથી ઊતર્યા, વૈરાગ્યનો અબધૂત દેખાવ! આનંદમાં લીનતા! વાહ રે વાહ!! ધન્ય તારી દશા.

(૧૭૧) ભલે બોમ્બગોળો કે કૃત્રિમ ઉપગ્રહ શું છે તેની ખબર ન હોય, પણ જો આત્મસ્વરૂપને જાણીને ભવસમુદ્રથી તરતાં આવડયું તો તે જીવ સમ્યક્‌વિદ્યામાં આગળ વધી રહ્યો છે, તેણે જ સાચું “વિજ્ઞાન” જાણ્યું છે, ને તે વિજ્ઞાન તેને પરમશાંતિનું કારણ થાય છે.

–આ છે અધ્યાત્મ–વિજ્ઞાન!

–આ છે ભારતની અધ્યાત્મવિદ્યા!

“सा विद्या या विमुक्तये”

(૧૭૨) "અહો! આત્મામાંજ આનંદ છે, આત્મા જ સિદ્ધભગવાન જેવો છે"–આવા અધ્યાત્મનું શ્રવણ કરાવનારા સંત મળવા અનંતકાળે બહુ દુર્લભ છે. આવા અધ્યાત્મના શ્રવણમાં જીવને ઘણો વિનય અને ઘણી પાત્રતા જોઈએ. (અહીં પરમ ભક્તિપૂર્વક ગદગદ્ભાવે ગુરુદેવ કહે છે કે– )

અહાહા! ભાવલિંગી સંતમુનિ મળે ને આવી અધ્યાત્મની વાત સંભળાવતા હોય તો, એનાં ચરણ પાસે બેસીને......અરે! એનાં પગનાં તળિયાં ચાટીને આ વાત સાંભળીએ.

(૧૭૩) ફાગણ સુદ બીજના દિવસે વિદેહના દેવાધિદેવ સીમંધરનાથ પ્રભુ સોનગઢ પધાર્યા.... નૂતન જિનમંદિરમાં ભગવાનના ભવ્ય દરબારમાં રોજ રાત્રે ઉલ્લાસભરી ભક્તિ થતી હતી; તેમાંય જન્મકલ્યાણક વગેરે દિવસોની ભક્તિનો રંગ તો કોઈ જુદી જ જાતનો હતો......જાણે પુંડરગિરિમાં આજે જ ભગવાન જન્મ્યા છે ને તેમનો જન્મકલ્યાણક આપણે અહીં ઉજવીએ છીએ–એવા આનંદથી ભક્તિ થઈ હતી. જિનમંદિરમાં ભગવાનના નિજમંદિરનો દરવાજો ખુલ્લો અને વિશાળ થઈ ગયો હોવાથી, ભગવાનના દરબારનો દેખાવ ઘણો જ સુંદર અને મહિમાવંત લાગે છે.....ભગવાનના દરબારમાં પ્રવેશતાં જ તેની શોભા દેખીને ભક્તોને આશ્ચર્ય થાય છે.

(૧૭૪) અહા, તીર્થંકરો પણ દીક્ષા વખતે ચિંતન કરે એવી વૈરાગ્યરસમાં ઝૂલતી આ બાર ભાવનાઓ ભાવતાં કયા ભવ્યને આનંદ ન થાય? અને કયા ભવ્યને મોક્ષમાર્ગનો ઉત્સાહ ન જાગે? આ ભાવનાઓ 'ભવિકજન આનંદજનની' છે, અને તે સાંભળતાં જ ભવ્યજીવોને મોક્ષમાર્ગમાં ઉત્સાહ ઊપજે છે.

(૧૭૫) મોક્ષનો માર્ગ "સામાયિક" છે. સામાયિક કોને વશ છે? સામાયિક સ્વ–વશ છે એટલે કે પોતાના આત્મસ્વભાવને આધીન જ સામાયિક છે, એ સિવાય અન્ય કોઈને વશ સામાયિક નથી સંપૂર્ણપણે શુદ્ધઆત્માને જ વશ વર્તતા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે વીતરાગી સામાયિક છે તે જ કર્મક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કરવામાં કુશળ છે.

(૧૭૬) સમકિતી ધર્માત્માને રત્નત્રયના સાધક સંતમુનિવરો પ્રત્યે એવો ભક્તિભાવ હોય છે કે તેમને જોતાં જ તેના રોમરોમ ભક્તિથી ઉલ્લસી જાય છે...અહો! આ મોક્ષના સાધક સંત ભગવાનને માટે હું શું શું કરું?–કઈ કઈ રીતે એમની સેવા કરું? અને જ્યાં એવા સાધક મુનિ પોતાના આંગણે પધારે ત્યાં તો જાણે સાક્ષાત્ ભગવાન જ આંગણે પધાર્યા.......સાક્ષાત્ મોક્ષમાર્ગ જ આંગણે આવ્યો.

(૧૭૭) વીર સં. ૨૪૮૨ના અષાડ માસમાં ગુરુદેવનું એક અદ્ભુત પ્રવચન આવ્યું, તે સાંભળીને પ્રસન્ન થયેલા એક જિજ્ઞાસુએ રાત્રે તત્ત્વચર્ચા વખતે ગુરુદેવને પૂછ્યુંઃ "આપની વાણી પણ જ્ઞાનઆનંદ–સ્વરૂપ આત્માના ધોધથી ભરેલી અપૂર્વ નીકળે છે; તો સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ કેવી હશે?

ગુરુદેવના હૃદયમાંથી અતિશય બહુમાનપૂર્વક ઉદ્ગારો નીકળ્યા છેઃ અહો, એની શી વાત! ..... એ તો તો જાણે અમૃત! શાંતરસનો ધોધ જાણે વરસતો હોય! ગણધરો જેવા તો જેના સાંભળનારા, એ વાણીની શી વાત!

*** નિજ સ્વરૂપનો ઉપયોગ તે સુખ છે.**
**તે આબાલગોપાલ સૌ કરી શકે છે.**
**એ વિના શાંતિનો બીજો કોઈ ઉપાય નથી.**

**(-ગુરુદેવ)**

(૧૭૮) 'અમે તો સ્ત્રી છીએ, અમારાથી શું ધર્મ થઈ શકે"–એમ ન માનવું.....પૂર્વે આત્માનું ભાન કરીકરીને અનેક સ્ત્રીઓ એકાવતારી થઈ ગઈ છે, ને અત્યારે પણ એવી સ્ત્રીઓ છે....આત્માનું ભાન કરે તેને ફરીને આવો સ્ત્રી અવતાર મળે નહિ....માટે સત્સમાગમે સાચું જ્ઞાન કરીને, આત્માના સ્વસંવેદનવડે

પોતે પોતાના આત્માનું સુધારી લેવું–એ જ અમારો ઉપદેશ છે ને એ જ અમારા આશીર્વાદ છે.

(૧૭૯) મંગલ વધાઈ!

શાશ્વત તીર્થાધિરાજ શ્રી સમ્મેદશિખરાદિ તીર્થધામોની જેમ, દક્ષિણના તીર્થધામોની પણ પૂ. ગુરુદેવ સાથે યાત્રા કરવાની ઘણા ભક્તોની ભાવના હતી......જિજ્ઞાસુઓને જણાવતાં આનંદ થાય છે કે, પૂ. ગુરુદેવ યાત્રાસંઘ સાથે મુંબઈથી (સં. ૨૦૧૫ના મહાસુદ ૧૦ ને મંગળવારના રોજ) પ્રસ્થાન કરી દક્ષિણના તીર્થધામો શ્રી મુડબીદ્રી, શ્રવણબેલગોલ બાહુબલીજી, કુંથલગીરી, મુક્તાગીરી વગેરે અનેક તીર્થધામોની યાત્રાએ પધારવાના છે.....

નિર્ણય તે ધર્મની નક્કર ભૂમિકા છે. આ નિર્ણય કેવો? અંતરમાં આત્માને સ્પર્શીને થયેલો અપૂર્વ નિર્ણય; તે નિર્ણય એવો કે કદાચ દેહનું નામ તો ભૂલી જાય, પણ નિજ સ્વરૂપને ન ભૂલે; દેહનો પ્રેમી મટીને 'આત્મપ્રેમી' થયો. તે નિર્ણયમાં રાગની હોંસ નથી પણ ચૈતન્યનો ઉત્સાહ છે.

(૧૮૦) પ્રશ્નઃ– અનાદિના અજ્ઞાની જીવને, સમ્યગ્દર્શન પામ્યા પહેલાં તો એકલો વિકલ્પ જ હોયને?

ઉત્તરઃ– ના; એકલો વિકલ્પ નથી. સ્વભાવ તરફ ઢળી રહેલા જીવને વિકલ્પ હોવા છતાં તે જ વખતે **આત્મસ્વભાવના મહિમાનું લક્ષ પણ કામ કરે** છે, ને તે લક્ષના જોરે જ તે જીવ આત્મા તરફ આગળ વધે છે; કાંઈ વિકલ્પના જોરથી આગળ નથી વધાતું.......રાગ તરફનું જોર તૂટવા માંડયું ને સ્વભાવ તરફનું જોર વધવા માંડયું, ત્યાં (સવિકલ્પ દશા હોવા છતાં) એકલો રાગ જ કામ નથી કરતો, પણ રાગના અવલંબન વગરનો, સ્વભાવ તરફના જોરવાળો એક ભાવ પણ ત્યાં કામ કરે છે, અને તેના જોરે આગળ વધતો વધતો, પુરુષાર્થનો કોઈ અપૂર્વ કડાકો કરીને નિર્વિકલ્પ આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન પામી જાય છે.

(૧૮૧) નવા વર્ષની બોણીમાં ગુરુદેવે સાક્ષાત્ મોક્ષમાર્ગનું સ્વરૂપ આપ્યું..... "स्वस्ति साक्षात् मोक्षमार्ग........" એમ કહીને આચાર્ય ભગવાન આશીર્વાદ આપે છે કે હે ભવ્યજીવો! તમે વીતરાગતા–સ્વરૂપ સાક્ષાત્ મોક્ષમાર્ગની આરાધના કરો.

આ બેસતા વર્ષની શરૂઆતમાં, સુખે કરીને તીર્થની શરૂઆત કરવાની વાત આવે છે. આચાર્ય–ભગવાન અને જ્ઞાની સંતો બેસતા વર્ષે અલૌકિક આશીર્વાદ આપે છે કે તમે સુખે કરીને તીર્થની શરૂઆત કરો......

* જેણે મોક્ષની આરાધનાનો ભાવ પ્રગટ કર્યો તેણે પોતાના આત્મામાં રત્નત્રયરૂપી દીવડાથી દીપાવલી મહોત્સવ ઊજવ્યો. ભગવાન મહાવીરના માર્ગને પામીને, જ્ઞાની ગુરુઓનાં આશીર્વાદથી આપણે પણ પોતાના આત્મામાં રત્નત્રયની આરાધના કરીએ, અને એ રીતે રત્નત્રયરૂપી દીપકની જ્યોતિથી દીપાવલી મહોત્સવ ઊજવીએ.

(૧૮૨) કોંગ્રેસ પ્રમુખ શ્રી ઢેબરભાઈ તા. ૬–૪–૫૭ના રોજ સાંજે પૂ. ગુરુદેવની ખાસ મુલાકાત લેવા માટે વીરસેવામંદિર (દિલ્હી) માં આવ્યા હતા......તેમણે પૂ. ગુરુદેવ સાથે લગભગ એક કલાક ધાર્મિક વાતચીત કરી હતીઃ

**ઢેબરભાઈઃ** પૂર્વે ભવનું જ્ઞાન અત્યારે થઈ શકતું હશે?

**ગુરુદેવઃ** હા; અત્યારે પણ એવા જીવો છે; પરંતુ આત્મા શું ચીજ છે તેનું જ્ઞાન કરવું એ મુખ્ય ચીજ છે.

**ઢેબરભાઈઃ** આપના ઉપદેશનું બધું વજન આત્મા ઉપર છે, અને એ જ ભારતની બ્રહ્મવિદ્યા છે.

**ગુરુદેવઃ** હા; બ્રહ્મવિદ્યા–આત્મવિદ્યા એ જ મૂળ ચીજ છે. હિંદમાં એ બ્રહ્મવિદ્યાના સંસ્કાર છે, એવા બીજે નથી.....આત્મામાં જ આનંદ છે તે આત્મા–

માંથી જ તે પ્રગટ થાય છે.–એ વાતના સંસ્કાર આજે હિંદમાં જ છે, બીજે ક્યાંય નથી....બ્રહ્મચર્ય પાળવું ને આત્મજ્ઞાન કરવું એ બે વાત ઉપર અમારું વિશેષ વજન છે.

**ઢેબરભાઈઃ** એ બહુ સારી વાત છે.....આજે તો લોકોને વળગણ બહુ વધી ગઈ છે. લોકોને આ વાતની ખાસ જરૂર છે.

(૧૮૩) સંતો આત્મપ્રાપ્તિના આશીર્વાદ આપે છેઃ હે જીવો! ભેદજ્ઞાનવડે સ્વતત્ત્વને પામીને આજે જ તમે પરમ આનંદરૂપે પરિણમો. 'પછી કરશું' એમ વિલંબ ન કરો, પણ આજે જ અનુભવો. લોકમાં આ ચૈતન્યતત્ત્વ જ પરમ ઉત્તમ છે, આ લોકમાં બીજું કાંઈ ઉત્તમ નથી; માટે આવા સ્વતત્ત્વને ઉપગ્રહે આજે જ અનુભવો.

(૧૮૪) **xxx** યાત્રાસંઘ દહીંગાવ આવી પહોંચ્યો....થાકેલા યાત્રિકોને દહીંગાવમાં સીમંધરાદિ વીસ વિહરમાન ભગવંતોના એક સાથે દર્શન થતાં ઘણો આનંદ થયો....હૃદય પ્રસન્નતાથી નાચી ઊઠયું.....(બાહુબલી ક્ષેત્રમાં) ૨૮ ફૂટના વિશાળ મનોજ્ઞ બાહુબલી પ્રભુના પ્રતિમાજી છે.....આ પ્રતિમાજીનું વજન ૧૮૦૦ મણ જેટલું છે, અને ૮૦, ૦૦૦ રૂા. તેની કિંમત છે.

(૧૮૫) મહા વદ ત્રીજના રોજ સવારમાં કુંદકુંદપર્વતની યાત્રા શરૂ કરી......કુંદકુંદપ્રભુ જે ભૂમિમાં વિચર્યા તે પવિત્ર ભૂમિમાં વિચરતાં ગુરુદેવને ઘણી ભક્તિ અને પ્રમોદભાવ ઉલ્લસતા હતા.... આ મહાન ઐતિહાસિક યાત્રાના કાયમી સ્મરણ માટે લગભગ ૧૨૦૦૦ રૂા. નું ફંડ થયું હતું.

(મૂડબિદ્રિમાં) ૩૫ વિવિધ પ્રકારની રત્નમણિના મહાકિંમતી જિનબિંબોના દર્શન કરાવ્યા..... ગુરુદેવ સાથે રત્નમય જિનબિંબોના દર્શનથી આનંદિત થઈને પૂ. બેનશ્રીબેને "વાહ વા જી વાહ વા....." વાળી ભક્તિ કરાવી હતી.....

મહા વદ ૯ની સવારમાં (શ્રવણબેલગોલમાં) ઉપર જઈને ૫૭ ફૂટ ઊંચા બાહુબલીનાથને નીહાળતાં જ ગુરુદેવ આશ્ચર્ય અને ભક્તિથી સ્તબ્ધ થઈ ગયા. ખૂબ જ ભાવપૂર્વક ફરીફરીને એ વીતરાગીનાથને નીહાળ્યા....દર્શન કરીકરીને ઘણો આનંદ વ્યક્ત કર્યો.....ગુરુદેવે ભાવપૂર્વક બાહુબલી પ્રભુના ચરણોનો અભિષેક કર્યો. (ઉછામણી વગેરેમાં દસેક હજારનું ફંડ થયું)

(પોન્નૂર) આ પર્વત ઉપર કુંદકુંદાચાર્યદેવની તપોભૂમિ છે...ઉપર મહામંગલ ચરણપાદૂકા છે... ચંપાના વૃક્ષો છે.....કુંદકુંદપ્રભુની પવિત્ર તપોભૂમિની યાત્રા ઘણા જ આનંદથી થઈ–જાણે સાક્ષાત્ કુંદકુંદપ્રભુના જ દર્શન થયા હોય–એવો આનંદ ભક્તોને આ યાત્રામાં થયો. (યાત્રાના સ્મરણનિમિત્તે દસેક હજારનું ફંડ થયું.)

(૧૮૬) હે પરમવૈરાગી.....અડગ સાધક.....બાહુબલીનાથ!

આપશ્રીની પરમ આત્મસાધના અમારા હૃદયમાં કોતરાઈ ગઈ છે....કહાનગુરુદેવ સાથે થયેલી આપશ્રીની આ મહા 'મંગલવર્દ્ધિની' યાત્રા સર્વે યાત્રિકોના જીવનમાં આત્મહિતની પ્રેરણાનું એક અમરઝરણું બની જશે. પ્રભો! આપના આત્મપ્રદેશોમાંથી રણકાર ઊઠી રહ્યા છે કે–

**મને લાગે સંસાર અસાર....**
**એ રે સંસારમાં નહીં જાઉં.....**
**નહીં જાઉં.....નહીં જાઉ રે....**
**મને જ્ઞાયક ભાવનો પ્યાર.....**
**એ રે જ્ઞાયકમાં હું લીન થાઉં....**
**લીન થાઉં....લીન થાઉં રે......**

(૧૮૭) ગુરુદેવ કહે છેઃ "જાત્રામાં ઘણાં તીર્થો જોયા...તેમાંય બાહુબલી ભગવાનની મુદ્રા તો જાણે વર્તમાન જીવંતમૂર્તિ હોય!–એના સર્વ અંગો–

પાંગમાં પુણ્ય અને પવિત્રતા બંને દેખાઈ આવે છે....એને જોતાં તૃપ્તિ થતી નથી....અત્યારે આ દુનિયામાં એનો જોટો નથી.

( ૧૮૮ ) કોઈ પૂછે કે આવું ભેદજ્ઞાન ક્યારે થાય ?–તેને કેટલો વખત લાગે ?–તો આચાર્યદેવ ઉત્તર આપે છે કે હે ભાઈ ! જગતનો કોલાહલ છોડીને, ને આત્માનો અર્થી થઈને જો તું અંતરમાં શુદ્ધ આત્માના અનુભવનો પ્રયત્ન કર તો અંતર્મુહૂર્તમાં જ તેની પ્રાપ્તિ થઈ જશે.....વધારેમાં વધારે છ મહિના લાગશે......છ મહિનામાં જરૂર શુદ્ધાત્માની પ્રાપ્તિ થશે.

( ૧૮૯ ) જેમ કોરા ઘડા ઉપર પાણીનું ટીપું પડતાં જ તે ચૂસી લ્યે છે.....તેમ દુઃખથી અતિસંતપ્ત થયેલા આત્માર્થી જીવને શ્રી ગુરુ પાસેથી શાંતિનો ઉપદેશ મળતાં જ તે તેને ચૂસી લ્યે છે, એટલે કે તરત જ...પોતાના આત્મામાં પરિણમાવી દે છે.

( ૧૯૦ ) અહો, તે પવિત્ર આત્મા જયવંત વર્તો, કે જે આત્મા સમ્યક્ત્વની પ્રભુતા સહિત છે, જેનું જ્ઞાન પાવન છે, જેની ચૈતન્યમુદ્રા ઉપર અતીન્દ્રિય આનંદ વ્યાપી ગયો છે અને જે વૈરાગ્યરૂપી ગંભીર સમુદ્રમાં નિમગ્ન છે.

( ૧૯૧ ) હે આત્માર્થી બન્ધુ !

આત્મસાધનામાં જગતના અનેકવિધ પ્રતિકૂળ–અનુકૂળ સંયોગો તો વચ્ચે આવે જ...એવા પ્રસંગે તારી આત્માર્થિતાના જોરે,–તારી સર્વ શક્તિને ઉપયોગમાં લઈને તારી આત્મસાધનામાં અડગ રહેજે......‘આ...ત્મા...ર્થિ.....તા...’ એ એક જ એવું મહાન બળ છે કે જેની પાસે જગતના કોઈ બળની તાકાત ચાલી શકતી નથી. .....ખરેખર આત્માર્થીને જગતમાં કોઈ વિઘ્ન છે જ નહીં. આમ છતાં, હે જીવ ! તને મુંઝવણ થતી હોય તો, પૂર્વના મહાપુરુષોના જીવનને યાદ કર....તેમના ઉદાહરણથી તારા આત્માને પણ આરાધનામાં ઉત્સાહિત કર.

( ૧૯૨ ) ધર્મી કહે છે : અમારા આત્માના અતીન્દ્રિય આનંદ સિવાય આ જગતમાં બીજું કાંઈ અમને પ્રિય નથી. અમારો આનંદ અમારા આત્મામાં જ સમાય છે.

( ૧૯૩ ) ××× આત્માર્થીને અંતરમાં એવા ભાવતરંગો સ્ફૂરે છે કે જાણે પરિણતિ ઉલ્લસી ઉલ્લસીને ‘કારણ’ ને ભેટતી હોય ! ખરેખર, પોતાનું હિતકાર્ય કરવાના કામી જીવોને તેનું વાસ્તવિક ‘કારણ’ દર્શાવીને સંતોએ મહાન ઉપકાર કર્યો છે. ‘न हि कृत मुपकारं साधवो विस्मरन्ति’ એ ઉક્તિ અનુસાર, તે સંતોના મહાન ઉપકારનું ફરીફરી સ્મરણ કરીને તેઓને નમસ્કાર કરીએ છીએ.

( ૧૯૪ ) આત્માર્થ સાધવા માટે સાચી તત્પરતા હશે તો જગતમાં કોઈની તાકાત નથી કે તારા આત્મકાર્યમાં વિઘ્ન કરી શકે. જ્યાં આત્માર્થીની સાચી તત્પરતા છે ત્યાં આખું જગત તેને આત્માર્થની પ્રાપ્તિમાં અનુકૂળ પરિણમી જાય છે; ને તે જીવ જરૂર આત્માર્થને સાધી લ્યે છે; માટે હે જીવ ! જગતમાં બીજું બધું ભૂલીને તું તારા આત્માર્થ માટેની સાચી તત્પરતા કર.

( ૧૯૫ ) પ્રથમ જીવને એક ધગશ જાગવી જોઈએ અને આત્માની ધૂન લાગવી જોઈએ કે મારા આત્માનું સમ્યગ્દર્શન કર્યા વગર આ જન્મમરણથી છૂટકારો થાય તેમ નથી. માટે સર્વ ઉદ્યમથી સમ્યગ્દર્શન કરવા જેવું છે.

( ૧૯૬ ) ગુણમાં મોટા ગુરુ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે શિષ્ય પરિણમી જાય છે,–એ ગુરુના શરણની ખરી સેવા છે...ને એવી સેવાના પ્રસાદથી તે શિષ્ય અંતરમાં પોતાના આત્માનો અનુભવ પામે છે.

( ૧૯૭ ) સમ્યગ્દ્રષ્ટિનું હૃદય ઊંડુ છે, ઘણી પાત્રતા વગર તે પકડાતું નથી. અહા ! જ્ઞાની તો મહાવૈરાગ્યનું પૂતળું છે....એના રોમે રોમે–ચૈતન્યના પ્રદેશે પ્રદેશે રાગથી ઉદાસીનતા પરિણમી ગઈ છે, તે સમકિતી–

હંસ.....ચૈતન્યબાગમાં નિજાનંદની કેલી કરે છે. એવી દશા કેમ પ્રગટે તેની આ વાત છે.

(૧૯૮)…. "હે પિતાજી! આ અસાર સંસારને છોડીને હવે અમે દીક્ષા લેવા માંગીએ છીએ..... અમે દીક્ષા લઈને ધ્રુવ ચૈતન્યતત્ત્વને ધ્યાવશું ને તેના આનંદમાં લીન થઈને આ જ ભવે સિદ્ધપદને સાધશું. માટે અમને દીક્ષા લેવાની રજા આપો. હે તાત! જિનશાસનના પ્રતાપે સિદ્ધપદને સાધવાનો જે અંતરનો માર્ગ તે અમે જોયો છે, તે અંતરના જોયેલા માર્ગે હવે અમે જશું."–આમ કહીને, જેમના રોમે રોમે–પ્રદેશેપ્રદેશે વૈરાગ્યની ધારા ઉલ્લસી છે એવા તે બંને રાજકુમારો મુનિદીક્ષા લેવા માટે રામચંદ્રજીને નમન કરીને વનમાં ચાલ્યા જાય છે. અહા! ધન્ય એમની મુનિદશા! ધન્ય એમનો વૈરાગ્ય! ને ધન્ય એમનું જીવન!

(૧૯૯) હે સીમંધર ભગવાન! હે ગણધરો! હે સંતો! હે કુંદકુંદપ્રભુ! હે વિશ્વના સર્વે ધર્માત્માઓ!

**મારા આંગણે પધારો....પધારો!**

**(૨૦૦) 'આત્મધર્મ' માસિકના આ બીજ સૈકાની સમાપ્તિ પ્રસંગે હે ગુરુદેવ! આપના પવિત્ર ચરણમાં નમસ્કાર કરીએ છીએ ને આપના મંગલ આશીર્વાદથી સૌને 'આત્મધર્મ' ની પ્રાપ્તિ હો! એવી ભાવના ભાવીએ છીએ.**

## ૭૧મા જન્મોત્સવના અભિનન્દન સન્દેશા

પરમપૂજ્ય ગુરુદેવનો ૭૧મો જન્મોત્સવ ઉમરાળામાં ઊજવાયો, માત્ર ઉમરાળામાં નહિ પરંતુ ભારતભરમાં અને ભારતની બહાર પણ જ્યાં જ્યાં ભક્તો વસી રહ્યા છે ત્યાં સર્વત્ર ભક્તોના હૃદયમાં જન્મોત્સવની ઉર્મિઓ જાગી......અને ઠેર ઠેરથી જન્મોત્સવના અભિનંદન બાબત ભક્તિભર્યા સન્દેશા આવ્યા. નીચેના શહેરોમાંથી લગભગ ૭૧ જેટલા સન્દેશા આવ્યા હતા.

નૈરોબી (આફ્રીકા), મોશી (આફ્રીકા), રંગુન (બરમા), કલકત્તા, મદ્રાસ, દિલ્હી, મુંબઈ, ઈંદોર, ઉજ્જૈન, ગુના, ધનબાદ, ન્યુદિલ્હી, કોચીન, અમદાવાદ, જામનગર, ડુમસ, પાલેજ, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, વઢવાણસીટી, જયપુર, સુરત, જોરાવરનગર, આગ્રા, જમશેદપુર, ગોધરા, લાઠી, પોરબંદર, વીંછીયા, બોટાદ, વાંકાનેર, ગોંડલ, તલોદ, સોનગઢ, રિઠદ (વિદર્ભ), સનાવદ, ડુંગરગઢ.

## બ્રહ્મચર્ય પ્રતીજ્ઞા

તા. ૧૮–૫–૬૦ ના રોજ સોનગઢમાં પૂ. ગુરુદેવ સમક્ષ વઢવાણના ભાઈશ્રી પોપટલાલ મોહનલાલ વોરા તથા તેમના ધર્મપત્ની રંભાબેન, એ બંનેએ સજોડે આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી છે.

(નોંધઃ– છેલ્લા ચારેક વર્ષમાં પૂ. ગુરુદેવ પાસે અનેક ભાઈઓએ સજોડે બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરેલ છે, પરંતુ તે સંબંધી યાદી આત્મધર્મમાં આપવામાં આવી નથી. હવે આ માસથી તે યાદી આપવાનું ફરી ચાલુ કરેલ છે.)

# પ્રતીતિના પ્રતાપે પરમાત્મા
# પ્રતીતિના અભાવે પરિભ્રમણ

(૧) આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેના જ્ઞાનમાં સર્વજ્ઞ થવાની તાકાત છે.

(૨) જ્ઞાન પોતે પોતાના આવા પરિપૂર્ણ સામર્થ્યની પ્રતીત જ્યાંસુધી ન કરે ત્યાંસુધી આત્માની સમ્યક્ પ્રતીતિ થાય નહીં.

(૩) ‘હું જ્ઞાનસ્વભાવ છું’ એવી પ્રતીતિના પ્રતાપે આત્મા સર્વજ્ઞ થાય છે; ને તે પ્રતીતિના અભાવે આત્મા સંસારમાં રખડે છે.

(૪) ‘હું જ્ઞાનસ્વભાવ છું’ એવી પ્રતીત કરીને જ્યારે આત્મા તેને ધ્યાવે છે, એટલે કે ધ્યાનમાં તે જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહીને તેમાં તન્મયપણે લીન થાય છે ત્યારે તુરત જ પરમ આનંદમય કેવળજ્ઞાન પ્રગટે છે.

(૫) તે કેવળજ્ઞાની ભગવાન સંપૂર્ણ અતીન્દ્રિય થયા છે, તેમને ઈંદ્રિયો સાથે સંબંધનો અભાવ હોવાથી તેઓ ઈંદ્રિયોથી પાર છે.

(૬) સર્વજ્ઞનું જ્ઞાન સર્વ આત્મપ્રદેશે સોળ કળાએ ખીલી ગયું છે, કોઈ આવરણ તેને નથી રહ્યું કે જે કોઈ પણ જ્ઞેયને જાણતાં તેને રોકે. તેઓ નિર્વિઘ્ન ખીલેલી નિજશક્તિથી સર્વ જ્ઞેયોને એક સાથે પ્રત્યક્ષ જાણે છે.

(૭) જ્ઞાનની જેમ ભગવાનના સુખનું પણ એ જ પ્રમાણે સમજી લેવું. અતીન્દ્રિય થયેલા તે સર્વજ્ઞ ભગવાન ભોજનાદિ ઈંદ્રિયવિષયો વગર જ પોતાના અતીન્દ્રિય પરમસુખને અનુભવે છે. સુખના અનુભવમાં વિઘ્ન કરનાર કોઈ કર્મ તેમને નથી રહ્યું; સ્વાધીનપણે જ તેઓ પૂર્ણ સુખરૂપે પરિણમી ગયા છે, તેથી સુખ માટે બીજા કોઈ વિષયોની અપેક્ષા તે સ્વયંભૂ–પરમાત્માને નથી.

(૮) **સર્વજ્ઞતાની પ્રતીતિનો એવો પ્રતાપ છે કે તે પ્રતીતિ કરવા જતાં સ્વસન્મુખતા થઈને આત્મપ્રતીતિ થઈ જાય છે....ને સમ્યગ્દર્શન થાય છે. તે પ્રતીતિનો પ્રતાપ તેને અલ્પકાળમાં સર્વજ્ઞ પરમાત્મા બનાવી દે છે.**

(૯) સર્વજ્ઞતાની પ્રતીતિના અભાવે આત્મા પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલીને, રાગાદિ વિભાવનો જ કર્તા થઈને સંસારમાં રખડે છે.

(૧૦) **આ રીતે પ્રતીતિના પ્રતાપે પરમાત્મા થવાય છે અને પ્રતીતિના અભાવે પરિભ્રમણ થાય છે.**

**માટે હે જીવો !**

**સર્વજ્ઞસ્વભાવી આત્માની પ્રતીતિ કરો.... ને તેનો અચિંત્ય મહિમા જાણીને તેમાં ઠરો....**

**એમ શ્રી સન્તોને ઉપદેશ છે.**

# વૈરાગ્ય સમાચાર

(૧) આગ્રાના ભાઈશ્રી સોભાગમલજી પાટનીના સુપુત્ર ભાઈશ્રી રવીન્દ્રકુમાર (–જેઓ નેમિચંદજી પાટનીના ભત્રીજા થાય છે તેઓ) આગ્રામાં તા. ૪–૫–૬૦ ના રોજ માત્ર ૧૪ વર્ષની કિશોરવયે મોટર–લોરીના અકસ્માતમાં સ્વર્ગવાસ પામ્યા છે. આ કરુણ વૈરાગ્ય પ્રસંગની વાત સાંભળતાં જ આંચકો લાગે છે ને મુમુક્ષુ જીવોનું હૃદય આ સંસારની અસારતા જાણીને વૈરાગ્ય તરફ વળે છે. ઉત્તમકૂળ અને ઉત્તમ જૈનધર્મનો દુર્લભ સુયોગ પ્રાપ્ત થયા પછી પણ, આવી કુમળી વયમાં આયુષ્ય પૂરું થવાનો પ્રસંગ જોઈને ક્યા આત્માર્થીનું હૃદય સંસાર કાર્યોમાં ખૂચેં? અરે, સંસારની આ સ્થિતિ! તેમાં વેગપૂર્વક વૈરાગ્ય પામીને આત્માને શીઘ્ર ધર્મ–આરાધનામાં જોડવો એ જ કર્તવ્ય છે. આવા વૈરાગ્યપ્રસંગો પ્રમાદી જીવની આંખ ઉઘાડીને કહે છે કે અરે જીવ! હવે તું જાગ! અને જાગીને તારા આત્મકાર્યમાં શીઘ્ર તત્પર થા.

(૨) સુરેન્દ્રનગરના ભાઈશ્રી મગનલાલ લહેરાભાઈ દોશી તા. ૧૨–૫–૬૦ ના રોજ ૬૩ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. સુરેન્દ્રનગરના દિ. જૈન મુમુક્ષુ મંડળના તેઓ એક આગેવાન હતા ને તેની સર્વ પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતા હતા. શાસ્ત્રસ્વાધ્યાયનો પણ તેમને શોખ હતો. તેઓ અવારનવાર સોનગઢ આવીને ગુરુદેવના સમાગમનો લાભ લેતા હતા. ધાર્મિક શિક્ષણવર્ગમાં પણ તેમણે ભાગ લીધેલો, અને ગુરુદેવ સાથે શિખરજી યાત્રાસંઘમાં પણ તેઓ સામેલ હતા.

સુરેન્દ્રનગરમાં તેઓ એક અગ્રગણ્ય વેપારી હતા, અનેકવિધ સામાજિક સંસ્થાઓના વિકાસમાં પણ તેઓ રસ લેતા, સુરેન્દ્રનગર–સંયુક્ત સુધરાઈના પ્રમુખ તરીકે પણ તેમણે કાર્ય કરેલું. સુરેન્દ્રનગરમાં પ્રાથમિક અધ્યાપન–મંદિર માટે તેમણે રૂા. ૧૧, ૧૧૧ નું દાન આપેલ. તેમના સ્વર્ગવાસથી સુરેન્દ્રનગરના દિ જૈન મુમુક્ષુ મંડળને એક આગેવાન કાર્યકરની ખોટ પડી છે, તેમજ ઝાલાવાડને એક બાહોશ વેપારી અને સેવાભાવી કાર્યકરની ખોટ પડી છે.

સ્વ૦ મગનલાલભાઈ સત્‌દેવ–ગુરુ–ધર્મની આરાધના કરીને, જન્મ–મરણથી છૂટવાના માર્ગને પામો, એ જ ભાવના.

## “આત્મધર્મ” નું ભેટ પુસ્તક (સમ્યગ્દર્શન પુસ્તક બીજું)

આત્મધર્મના ચાલુ ગ્રાહકોને ભેટ આપવા માટે “સમ્યગ્દર્શન” (પુસ્તક બીજું) સોનગઢ આવી ગયેલ છે, અને ગ્રાહકોને રૂબરૂમાં આપવામાં આવે છે, તો ગ્રાહકો પોતાનું પુસ્તક વેલાસર મેળવી લ્યે એવી સૂચના છે. અથવા ગ્રાહક નંબર સાથે ૩૫ નયા પૈસાની ટીકીટો મોકલવાથી તે પુસ્તક પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવશે.

કલકત્તા, અમદાવાદ, રાજકોટ અને મુંબઈ તથા તેના પરાંઓના ગ્રાહકોને પોતાનું પુસ્તક નીચેના સ્થળેથી મેળવી લેવા વિનંતિ છે–

(૧) શ્રી દીપચંદજી બનાજી ૧૪૬, ૨ ઓલ્ડ ચીના બજાર કલકત્તા–૧

(૨) શ્રી ચુનીલાલ જીવણલાલ દોશી, મંત્રી, દિ. જૈન મુમુક્ષુ મંડળ પતાસાની પોળ, મહાદેવવાળો ખાંચો (ટાઈમ સવારે ૮ાા થી ૯ાા) અમદાવાદ

(૩) શ્રી દિગંબર જૈન મંદિર, રાજકોટ

(૪) શ્રી દિગંબર જૈન મંદિર, ૧૭૫ મુમ્બાદેવી રોડ, મુંબઈ–૨

# જન્મધામ ઉમરાળા-નગરીમાં ઉજવાયેલ પૂ. ગુરુદેવનો ૭૧ મો ભવ્ય-જન્મોત્સવ

*

## હર્ષ-ઉલ્લાસ અને વિવિધ-ભક્તિથી ગુંજેલું ઉમરાળાનું વાતાવરણ

વૈશાખ સુદ બીજ એ પૂ. ગુરુદેવનો મંગલ જન્મ-દિવસ છે, ને ઉમરાળા તે પૂ. ગુરુદેવનું પાવન જન્મધામ છે. આ વૈશાખ સુદ બીજે પૂ. ગુરુદેવની ૭૧મી જન્મજયંતિનો ઉત્સવ જન્મધામ ઉમરાળા નગરીમાં જ ઉજવવાનું સૌભાગ્ય ભક્તોને પ્રાપ્ત થયું.....વૈશાખ સુદ ૧-૨-૩ એ ત્રણે દિવસ ભવ્ય મહોત્સવ ઉજવાયો. આ ત્રણ દિવસ પૂ. ગુરુદેવ ઉમરાળા પધાર્યા હતા.

વૈશાખ સુદ એકમની સવારે પૂ. ગુરુદેવ સોનગઢથી ઉમરાળા પધારતાં ત્યાં ભાવભીનું ભવ્ય સ્વાગત થયું. સ્વાગત બાદ ગુરુદેવે પોતાના જન્મધામમાં બિરાજમાન શ્રી સીમંધર ભગવાનને સોના-ચાંદીના પુષ્પ સહિત અર્ઘ ચડાવ્યો. બપોરના પ્રવચન બાદ અજમેરની ભજનમંડળીદ્વારા ભક્તિનો કાર્યક્રમ હતો. રાત્રે જન્મધામમાં ભક્તિ થઈ હતી. આ ભક્તિ જોવા માટે બેસુમાર ભીડ થઈ હતી, અનેક માણસો ખોરડા ઉપર અને વંડી ઉપર ચડી ચડીને ભક્તિ જોતા હતા. ૭૧ દિપકોના શણગારથી જન્મધામ શોભતું હતું. પૂ. બેનશ્રી બેને પણ ઉમંગભરી વધાઈ ગવડાવી હતી.

વૈશાખ સુદ બીજઃ સવારમાં ૭૧ ઘંટાનાદ, શરણાઈ અને વાજાંથી વાતાવરણ ગૂંજી ઊઠયું..... ૭૧મા જન્મોત્સવની મંગલ વધાઈ લઈને ભક્તજનો આવી પહોંચ્યા.......ગુરુદેવના જન્મોત્સવની મંગલવધાઈથી બધાય ભક્તોના હૈયા હર્ષ વિભોર હતા.....જન્મધામમાં જન્મવધાઈ નિમિત્તે ગુરુદેવના ચરણે સેંકડો ભક્તોએ શ્રીફળ મૂકીને આનંદ વ્યક્ત કર્યો. જન્મવધાઈનાં ગીતો દ્વારા ગુણ-પુષ્પોની માળા ગુંથાણી. ત્યારબાદ જન્મસ્થાને પૂ. બેનશ્રીબેને પ્રદક્ષિણા કરતાં કરતાં ઉલ્લાસકારી ભક્તિ કરી. ભક્તિ બાદ જન્મગૃહમાં બિરાજમાન સીમંધર ભગવાનનું પૂજન થયું; ત્યારબાદ જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા નીકળી, રથયાત્રામાં અજમેરની ભજન મંડળીનું વિશેષ આકર્ષણ હતું. ધામધૂમવાળી રથ-યાત્રામાં ઠેરઠેર ભક્તોની મંડળી નાચી ઊઠતી હતી. રથયાત્રા દરબારી ઉતારે આવેલ, ત્યાં પૂજનભક્તિ બાદ સૌ મંડપમાં આવ્યા અને ત્યાં ૭૧મા જન્મોત્સવ નિમિત્તે ખુશાલી વ્યક્ત કરતાં વિદ્વાન ભાઈ શ્રી હિંમતલાલભાઈએ ભક્તિભર્યું ભાષણ કર્યું. ત્યારબાદ ૭૧મા જન્મોત્સવની ખુશાલી નિમિત્તે અનેક ભક્તોએ ૭૧ રૂા. ના મેળવાળી રકમો જાહેર કરી....આ પ્રસંગે મુંબઈથી શેઠ શ્રી મોહનલાલ કાળીદાસ જસાણીએ ગુરુદેવ પ્રત્યે પોતાની ભક્તિ વ્યક્ત કરતાં રૂા. ૨૫૦૦ કોઈ પુસ્તક છપાવવા માટે દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢને અર્પણ કર્યા હતા. આ ઉપરાંત દેશવિદેશથી આવેલા ૭૧ જેટલા અભિનન્દન સન્દેશ તથા તાર વાંચવામાં આવ્યા હતા. જન્મોત્સવમાં ભાગ લેવા બહારગામના ૫૦૦ જેટલા મહેમાનો આવ્યા હતા.......તે ઉપરાંત ગ્રામ્યજનતા મોટી સંખ્યામાં ભાગ લેતી હતી. ઉમરાળા પાંચેક હજારની વસતીવાળું ધૂળીયું ગામ છે, ધોળાસ્ટેશનથી ચારેક માઈલ દૂર છે; કાળુભાર નદી સ્વચ્છ જળથી ગામની શોભા વધારે છે...જન્મોત્સવ વખતે નદીકિનારે પણ જાણે મેળો ભરાયો હોય, એવો દેખાવ લાગતો.

જન્મોત્સવ દિવસે ગુરુદેવ જન્મધામમાં ભોજન કરતા હતા તે વખતે ૬૦ વર્ષ પહેલાંના એ દૃશ્યો યાદ કરતા હતા કે જ્યારે આ સ્થાને માતા ઉજમબા પોતાના પુત્રને લાડપૂર્વક જમાડતા હશે. ગુરુદેવના ભોજન વખતે બેનશ્રીબેને અતિ વાત્સલ્ય ભરેલા ગીતદ્વારા ભક્તિની ઊર્મિઓ વ્યક્ત કરી હતી; તે વખતે; માતા ઉજમબા કહાનકુંવરને કેવી રીતે રમાડતા-જમાડતા હશે, શું જમાડતા હશે, કહાનકુંવર આ સ્થાને કેવી પા-પા પગલી માંડતા હશે ને કેવું બોલતા હશે-એ બધું જાણે કે તાદૃશ થતું હતું. ગુરુદેવના મનમાં પણ પોતાના માતાની અને બાલપણની સ્મૃતિઓ તરવતરી હતી.-ભક્તિના આ પ્રસંગથી સૌને આનંદ થયો હતો.

બપોરે પ્રવચન બાદ અજમેરની ભજનમંડળીએ ભક્તિ કરી હતી...જન્મવધાઈ લઈને ભક્ત ઉજમબા પાસે આવે છે ને ભેટ ધરીને ખુશાલી વ્યક્ત કરે છે, અભિષેક માટે કાળુભારનું પાણી લાવે છે, નૃત્ય કરે છે,-ઈત્યાદિ દૃશ્યો વડે સુંદર ભક્તિ થઈ હતી.

ત્રણ દિવસમાં ભક્તિનો સૌથી ઉત્કૃષ્ટ પ્રસંગ તો બીજની સાંજે બન્યો...આરતિ પછી જન્મધામના સ્વસ્તિકની આસપાસ પ્રદક્ષિણા કરતાં કરતાં બેનશ્રી-બેન બંનેએ હાવભાવપૂર્વક આશ્ચર્યકારી ભક્તિ કરાવીને અદ્‌ભુત દૃશ્યો ઉપસ્થિત કર્યા હતા...જેમાં ગુરુદેવનો જન્મ, ઉજમબા ગોદમાં લઈને તેમને આશીર્વાદ આપે છે, પારણે પોઢાડે છે, ઓવારણા લ્યે છે, કહાનકુંવર નાની ડગલી ભરે છે, ગોઠણભર ચાલે છે, માતા આશીર્વાદ આપે છે ઈત્યાદિ દૃશ્યો દેખીને ભક્તોને અપાર હર્ષ થતો હતો...એમાંય સર્વોત્તમ દૃશ્ય હતું-માતા આશીર્વાદ આપે છે તેનું! શું આશીર્વાદ આપે છે? બેટા તું આત્માનો રંગી થાજે...ને ધર્મનો પ્રભાવક થાજે...”-એમ માતા આશીર્વાદ આપે છે. આ પ્રસંગે હાથમાં હાથ મિલાવીને ભક્તિ કરી રહેલા બંને બહેનોની અજોડ જોડીને જોતાં ભક્તિની ઉત્કૃષ્ટતા કેવી હોઈ શકે તેનો ભાસ થતો હતો. અહા! માતાના આશીર્વાદનું સર્વોત્તમ દૃશ્ય તો ભક્તો કદી નહિ ભૂલે. માતાના આશીર્વાદ બાળક ઉપર વરસતા હોય,-એ વખતનું વાત્સલ્યઝરણું દર્શકોને પણ પાવન કરતું હતું...અને ખરેખર માતાના વાત્સલ્યભર્યા આશીર્વાદ સુપુત્ર કહાનકુંવરે સફળ કર્યા છે-એ દેખીને વિશેષ આનંદ થતો હતો. જીવનની કોઈ વિરલ-ક્ષણે જ જોવા મળે એવા એ વખતની ભક્તિનાં દૃશ્યો હતાં. અહીં તો એક આશીર્વાદનો જ પ્રસંગ સંક્ષેપમાં લખ્યો છે...બાકી એ વખતની ભક્તિમાં તો એવા એવા ઘણાય રંગ-ઉમંગભર્યા દૃશ્યો જોવાનું સદ્‌ભાગ્ય સાંપડયું હતું.

રાત્રે મંડપમાં ભક્તિ થઈ હતી, તેમાં કહાનજન્મ વધાઈ, ગોદી લે...લે...વગેરે દૃશ્યો ઉપરાંત સર્પનૃત્ય થયું હતું...

ગુરુદેવ ઉમરાળાનું અને જન્મધામનું પ્રસન્નતાથી અવલોકન કરતા હતા...ને ત્યાંની વસ્તુઓ જોઈને બાળપણના સંસ્મરણો યાદ કરતા હતા...બે વર્ષના બાળપણથી માંડીને અનેક પ્રસંગો તેઓ કહેતા...ગુરુદેવના શ્રીમુખેથી તેમના બાળપણની વાર્તા સાંભળીને આનંદ થતો હતો...

ગામના તેમજ બહારગામના સેંકડો બાળકો હોંસેહોંસે ગુરુદેવના દર્શન કરવા આવતા...ગુરુદેવ પ્રસન્નતાપૂર્વક દરેક બાળકને જૈનબાળપોથી અને આત્મસિદ્ધિ-એ બે પુસ્તકો ભેટ આપતા...એ રીતે ગુરુદેવના જન્મધામમાં, ગુરુદેવના જન્મદિવસે અને ગુરુદેવના જ સુહસ્તે ‘બેસતા વર્ષની બોણી’ મળતાં બાળકો ખૂબ રાજી થતા.-અને, જ્ઞાનપ્રભાવના માટે મફત સાહિત્ય વેંચવાની ગુરુદેવને કેટલી હોંસ છે-તે પણ દેખાઈ આવતું હતું.

ત્રીજને દિવસે સવારમાં પૂજન-પ્રવચન બાદ ગુરુદેવ પ્રત્યે સ્તુતિરૂપ એક માનપત્ર અપાયું હતું. આજનું ભોજન ગુરુદેવે શેઠ કુંવરજીભાઈને ઘેર કર્યું હતું, તેથી તેમનું કુટુંબ આનંદથી નાચી ઊઠયું હતું. બપોરના પ્રવચન પછી સુંદર ભક્તિ થઈ હતી...રાત્રે જન્મગૃહમાં ભક્તિ થઈ હતી. ભક્તોની બેસુમાર ભીડ વચ્ચે સુંદર ભક્તિ થઈ હતી. આ રીતે જન્મધામમાં ત્રણ દિવસનો જન્મોત્સવ ઘણા આનંદથી ઊજવાયો હતો...ને વૈશાખ સુદ ૪ના રોજ પૂ. ગુરુદેવ પૂનઃ સોનગઢ પધાર્યા હતા.

# ઈન્દોર નગરીમાં ઉજવાયેલો ગુરુદેવનો જન્મોત્સવ

**ગુરુદેવને અભિનંદન ગ્રંથ સમર્પણ કરવા માટે થયેલ પ્રસ્તાવ**

**પૂ. ગુરુદેવનો મંગલ જન્મોત્સવ વૈશાખ સુદ બીજે અનેક સ્થળે ઊજવાયો; ઇંદોરમાં પણ ગુરુદેવનો જન્મોત્સવ ઉત્સાહથી ઊજવાયો હતો. અને તે વખતે એક પ્રસ્તાવ પણ કરવામાં આવ્યો હતો...આ સંબંધમાં ઇંદોરથી આવેલ સમાચાર અહીં પ્રકાશિત કરીએ છીએ–**

“दिनांक २७–४–६० मिती वैशाख शुक्ला २ को श्रीपूज्य कानजीस्वामी का ७१ वां जन्मदिवस इन्दोर लशकरी मंदिरमें मनाया गया। रात्रिको जैनरत्न शेठ माणकचन्दजी शेठी मल्हारगंज इन्दोर की अध्यक्षतामें सभा की गई, उसमें जैनसिद्धान्तमहोदधि पं. नाथुलालजी शास्त्री, पं. कोमलचन्दजी एडवोकेट. जे. लालचन्दजी, प्रकाशचन्दजी पांड्या, फूलचन्दजी पांड्या और अमृतलालजी हंसराजजी के स्वामीजीके प्रभावशाली व्यक्तित्व एवं अपूर्व सेवा पर भाषण हुए। सभापतिजीने जो प्रस्ताव रखा उसकी प्रतिलिपि सेवामें प्रेषित की जा रही है:–

भारत के महान आध्यात्मिक संतोमें आत्मार्थी सत्पुरुष पूज्य श्री कानजीस्वामीका विशिष्ट स्थान है। आप जैनधर्मका मर्मज्ञ, पूर्ण ब्रह्मचारी एवं प्रभावशाली वक्ता है, जिनके सदुपदेशसे सौराष्ट्रके एवं अन्य स्थानोंके सहस्त्रों भाइयों व बहनों के ज्ञाननेत्र खुलकर उन्हें सन्मार्गका प्रतिबोध प्राप्त हुआ है। स्वामीजी की ७१ वीं जन्मगांठ पर आज इन्दौर के दि. जैन बन्धुओंकी यह सभा उनकी सेवाओंका अभिनन्दन करती हुई चिरायु कामना करती है और यह योजना प्रस्तुत करती है कि जिनशासनप्रभावक स्वामीजी को एक अभिनन्दन ग्रंथ तैयार कर समर्पित किया जाय।”

सर्व सम्मतिसे स्वीकृत
ह: माणकचन्द शेठी
सभापति

**ગુરુદેવ પ્રત્યે અભિનન્દનરૂપ આ પ્રસ્તાવ કરવા માટે ઈન્દોરની અધ્યાત્મપ્રેમી જનતાને અમે અભિનંદન આપીએ છીએ અને તેમના આ પ્રસ્તાવમાં “આત્મધર્મ” પોતાનો સાથ પુરાવે છે.**

## જન્મોત્સવના ઉપલક્ષમાં ઈન્દોરનો સન્દેશ

**પૂ. ગુરુદેવના ૭૧ મા જન્મોત્સવ પ્રસંગે ઇંદોરથી સર હુકમીચંદજી શેઠના સુપુત્ર ભૈયાસાહેબ શ્રી રાજકુમારસિંહજી તરફથી આવેલ સન્દેશ નીચે મુજબ છે.**

“हमें यह जानकर बडी प्रसन्नता हुई कि आत्मार्थी सत्पुरुष श्री कानजीस्वामीजी महाराजका ७१ वां जन्मजयंति महोत्सव आप उनके जन्मस्थान उमरालामें मना रहा हैं। यह एक अत्यंत महान दुर्लभ लाभ है। मैं इस अवसर पर उपस्थित होकर अवश्य धार्मिक लाभ लेता परन्तु कार्यवश ऐसा न हो सकेगा अतएव आप सब लोगोंसे क्षमा चाहता हुआ आपके उत्सवकी सफलता की कामना करता हुं।

अध्यात्ममूर्ति श्री कानजीस्वामीने जो दिगंबर जैनधर्मका प्रचार किया है वो पिछली कई शताब्दियोंमें अभूतपूर्व है। अनेकों जिनमंदिरोंकी स्थापना तथा सन्मार्ग से भटके हुए लोगोंको आत्मधर्मका उपदेश दे उन्हें मार्गदर्शन दिया है ऐसे संतप्रवरके लिए समाज जो कुछ भी आदर–सन्मान करे वह उनका नहीं वरन अपनी समाजको ही गौरवान्वित करना है। आपके सद्प्रयासमें मेरा पूर्ण सहयोग है।

भवदीय
राजकुमारसिंह

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટવતી મુદ્રક અને
પ્રકાશકઃ હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રિ. પ્રેસ–ભાવનગર